RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 172* Date: 20.04.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### રાજ્યની ૨૬ શૈક્ષણિક સંસ્થાનોમાં આવતીકાલથી જ RTPCR ટેસ્ટ શરૂ કરાશે

## RT-PCRમાં કોરોના નેગેટિવ આવ્યા બાદ પણ શરદી, કળતર કે ઓક્સિજન ઓછુ રહે તો ગાફેલ રહેવું નહી, થોડા લક્ષણો દેખાય તો સારવાર લેવી જરૂરી





અમદાવાદ

અમદાવાદમાં કોરોના હવે કાબુ બહાર જતો રહ્યો છે. સંક્રમણ એટલી હદે ફેલાઈ રહ્યુ છે કે હોસ્પિટલોમાં વેન્ટિલેટરથી માંડીને ઓક્સિજન સહિતના બેડ ફૂલ થઈ ગયાં છે. ત્યારે ફરીવાર એક નવી જ ચિંતા ઉભી થઈ છે. જો RT-PCR રીપોર્ટમાં કોરોના નેગેટિવ આવ્યા બાદ પણ શરદી, કળતર કે ઓક્સિજનનું પ્રમાણ ઓછું રહેતું હોય તો આ બેદરકારી પણ ભારે પડી શકે છે. આ પ્રકારના લક્ષણોમાં પણ તાત્કાલિક તબીબોની સલાહ લેવી જરૂરી બને છે. વડોદરામાં RT-PCR ટેસ્ટમાં કોરોના નેગેટિવ આવ્યા બાદ HRCમાં ૨૫માંથી ૧૦નો સ્કોર મળ્યાના રીપોર્ટ બાદ હવે અમદાવાદમાં પણ આ પ્રકારના કિસ્સાઓ સામે આવ્યાં છે.

RT-PCRમાં કોરોના નેગેટિવ આવ્યા બાદ પણ શરદી, કળતર કે ઓક્સિજન ઓછુ રહે તો ગાફેલ રહેવું નહીં, થોડા લક્ષણો દેખાય તો સારવાર લેવી જરૂરીના ટેસ્ટિંગમાં જવલ્લે જ સર્જાતા આ પ્રકારના વિરોધાભાસ સંદર્ભે નિષ્ણાત તબીબોએ કહ્યુ કે, સામાન્ય રીતે RT-PCRનો રિપોર્ટ ૯૯ ટકા પરફેક્ટ હોય છે. એકાદ ટકા ફોલ્સ નેગેટિવ રહી શકે છે. પરંતુ, હાલમાં બે-ત્રણ ટકા રિપોર્ટમાં આ પ્રકારની ખામી જોવા મળી રહી છે. જેની પાછળ વ્યક્તિના ગળા, નાકમાંથી સેમ્પલ લેતી વખતની સ્થિતિ તેમજ ટેસ્ટિંગ ટ્યુબમાં દ્રવ્યનું મિશ્રણ જવાબદાર હોઈ શકે છે. HRCTમાં ૨૫માંથી આઠનો સ્કોર હોય તો માઈલ્ડ, ૯થી ૧૫ના સ્કોરમાં મોડેરેટ અને ૧૫થી વધુ સ્કોર હોય તો દર્દીની સ્થિતિ ગંભીર કહેવાય છે.

સોલા ભાગવત પાસે રહેતા હિતેશ પટેલને ૧૪ એપ્રિલના રોજ શરદી-ખાંસી અને તાવ આવ્યો હતો. હિતેશને બે દિવસ તાવ આવતા ઘરમાં એક રૂમમાં ક્વોરન્ટીન કરવામાં આવ્યો હતો. બે દિવસમાં તાવ ન ઉતરતા સોલા સિવિલ હોસ્પિટલમાં કોરોનાનો RTPCR ટેસ્ટ કરાવ્યો હતો. સોલા સિવિલમાંથી કોરોનાનો ટેસ્ટ નેગેટિવ આવ્યો હતો. તાવ ઉતરતો ન હતો અને ટેસ્ટ નેગેટિવ આવતા ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવા આવ્યો હતો. ખાનગી લેબમાં કરાવેલો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બે અલગ અલગ રિપોર્ટ આવતાં પરિવાર ખુદ અચંબામાં પડી ગયો હતો.વધુમાં તેમને જણાવ્યું હતું કે, સરકારી તંત્ર સાંભળવાં જ તૈયાર નથી. જો આ રીતે બે અલગ અલગ રિપોર્ટ હોય તો સંક્રમણ ફેલાઈ શકે છે કારણ કે નેગેટિવ માની લોકો તો બહાર ફરવા લાગે અને લોકો સાથે સંપર્કમાં આવે.

રાજ્યમાં RTPCR ટેસ્ટની વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા ૨૬ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં RTPCR ટેસ્ટની વ્યવસ્થા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માઈક્રોબાયોલોજી અને બાયોટેક્નોલોજી લેબોરેટરીની સુવિધાઓ ધરાવતી શૈક્ષણિક સંસ્થાનોમાં RTPCR ટેસ્ટ કરવામાં આવશે. મહત્વનું છે કે, દર્દીઓ સીધા આ સંસ્થામાં જઈ શકશે નહીં. આરોગ્ય તંત્ર જ તેમના સેમ્પલ કલેક્ટ કરીને મોકલશે. ત્યારાબાદ રિપોર્ટ આપવામાં આવશે.

આ મામલે આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ જણાવ્યું હતું કે, રાજ્યની ૨૬ શૈક્ષણિક સંસ્થાનોમાં આવતીકાલથી જ RTPCR ટેસ્ટ શરૂ કરાશે. જેનાથી તમામ જિલ્લાઓમાં આરોગ્ય વહીવટી તંત્રને મોટી મદદ મળશે. જે તે જિલ્લાઓમાં આરોગ્ય તંત્ર RTPCR ટેસ્ટ માટે સેમ્પલ કલેક્ટ કરશે અને આ લેબોરેટરીઓને મોકલી આપશે. ગુજરાત રાજ્યની વર્તમાન ટેસ્ટિંગ ક્ષમતામાં આ વધારાની ૨૬ સંસ્થાઓની સુવિધા ઉમેરાતાં RTPCR ટેસ્ટની ક્ષમતા લગભગ બમણી થઈ જશે.

## દિલ્હીમાં સોમવાર રાતેથી ૧૦ વાગ્યાથી ૨૬ એપ્રિલ સવારે ૫ વાગ્યા સુધી લોકડાઉન



ન્યુ દિલ્હી,તા.૧૯

કોરોનાવાયરસના વધતા જતા જોખમ દિલ્હીમાં ફરી એકવાર લોકડાઉન લગાવવામાં આવ્યું છે. મુખ્યમંત્રી કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું છે કે, દિલ્હીમાં ૧૦ વાગ્યાથી ૨૬ તારીખે સવારે ૬ વાગ્યા સુધીમાં લોકડાઉન લગાવવામાં આવ્યું છે.દેશની રાજધાની દિલ્હીમાં કોરોનાની બેકાબૂ ગતિ વચ્ચે લોકડાઉન લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. લેઉપરાજયપાલ અનિલ બૈજલ અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હીમાં સોમવારે (આજે) રાત્રે ૧૦ વાગ્યાથી ૨૬ એપ્રિલની સવાર સુધી લોકડાઉન લાગુ રહેશે. આ દરમિયાન જરૂર વિના બહાર નીકળવાનું પ્રતિબંધિત રહેશે અને વીક એન્ડ લોકડાઉન જેવા પ્રતિબંધો હશે.અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે દિલ્હીમાં દરરોજ લગભગ ૨૫ હજાર કેસ નોંધાઈ રહ્યા છે, દિલ્હીમાં બેડની ભારે અછત છે. દિલ્હીમાં હોસ્પિટલોમાં દવાઓ ઉપલબ્ધ નથી, ઓક્સિજન નથી. દિલ્હીની આરોગ્ય વ્યવસ્થા વધુ દર્દીઓ સંભાળી શકે એમ નથી, તેથી લોકડાઉન કરવું ખૂબ જ જરૂરી છે. એક અઠવાડિયાના લોકડાઉન દરમિયાન દિલ્હીમાં કડક પ્રતિબંધો અમલમાં રહેશે. દિલ્હીમાં જરૂર વગર કોઈને પણ ઘરની બહાર નીકળવાની મંજૂરી નથી. ફક્ત મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો જ બહાર જઈ શકશે. દિલ્હીની તમામ ખાનગી ઓફિસોએ વર્ક ફ્રોમ હોમ દ્વારા જ કામ કરવું પડશે, ફક્ત અડધા કર્મચારીઓ જ સરકારી કચેરીમાં આવી શકશે.જેઓ હોસ્પિટલ જઈ રહ્યા છે, મેડિકલ સ્ટોર્સમાં જાય છે, જેઓ વેક્સિન લેવા માટે જાય છે તેમને લોકડાઉનમાં મુક્તિ મળશે. રેલવે સ્ટેશન, એરપોર્ટ, બસ સ્ટેશન જનારાઓને પણ છૂટ રહેશે.મેટ્રો, બસ સર્વિસ ચાલુ રહેશે, પરંતુ ૫૦ ટકા મુસાફરોને બેસવાની મંજૂરી રહેશે. દિલ્હીમાં બેંક અને એટીએમ ખુલ્લાં રહેશે, સાથે પેટ્રોલ પંપ પણ ચાલુ રહેશે. ધાર્મિક સ્થળો પણ ખુલ્લાં રહેશે, પણ કોઈ મુલાકાતીને પ્રવેશની મંજૂરી આપવામાં આવશે નહીં.દિલ્હીમાં તમામ થિયેટર, ઓડિટોરિયમ, સ્પા, જિમ, સ્વિમિંગ પૂલ બંધ રહેશે. ગઈ વખતે થિયેટરને ૫૦% ક્ષમતા સાથે ખોલવામાં આવ્યાં હતાં. જે પહેલેથી જ લગ્ન કાર્યક્રમ નક્કી છે એને છૂટ મળશે, પણ માત્ર ૫૦થી ઓછા લોકોને જ બોલાવી શકાશે. અને આ માટે પણ ઈ-પાસ લેવો પડશે.મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોએ આઈડી કાર્ડ બતાવ્યા બાદ જ બહાર જવા દેવામાં આવશે. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જતી જાહેર પરિવહન સેવા ચાલુ રહેશે. તમા પ્રકારના જાહેર, રાજકીય કે ધાર્મિક કાર્યક્રમના આયોજન પર પ્રતિબંધ રહેશે. કોઈ સ્ટેડિયમમાં મેચ કે આયોજન દર્શકો વિના જ કરી શકાશે.

## ખાનગી લેબમાં કોરોના ટેસ્ટના ચાર્જમાં રૂ.૧૦૦થી ૨૦૦નો ઘટાડો,ઘર બેઠા ટેસ્ટના રૂ.૧૧૦૦ને બદલે ૯૦૦ થશે



અમદાવાદ

અમદાવાદમાં કોરોનાના સંક્રમણની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. AMC દ્વારા શરૂ કરાયેલી રેપિડ ટેસ્ટના ડોમની સાથે ખાનગી લેબોરેટરીઓમાં RT-PCR ટેસ્ટ કરાવવા માટે પણ લાંબી લાઈનો જોવા મળી રહી છે. ત્યારે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે દર્દીને હોસ્પિટલમાંથી અથવા નાગરિકના ઘરે જઈને ટેસ્ટ કરવામાં આવે તો ૧૧૦૦નો ચાર્જ હતો તેમાં ૨૦૦નો ઘટાડો કરાયો છે.ખાનગી લેબોરેટરીમાં દર્દી ટેસ્ટ કરાવવા માગે તો ૧૧૦૦માંથી ૯૦૦ રૂપિયા જ ચાર્જ લઈ શકશે.લેબોરેટરીમાંથી ટેસ્ટ કરાવે તો તેમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરાયો છે.આ ભાવ ઘટાડો આવતીકાલથી તમામ લેબોરેટરીમાં અમલમાં મૂકવાનો રહેશે.

નીતિનભાઈએ ઉમેર્યું હતું કે મા વાત્સલ્ય કાર્ડ ધરાવતા નાગરિકોના કાર્ડની મુદત ૩૧ માર્ચે પૂરી થઈ હોય તો તેમના માટે ૩ મહિનાની મર્યાદા વધારવામાં આવી છે.આ કાર્ડ હવે ૩૦-૬ સુધી અમલમાં રહેશે અને આ બાદ સ્થિતિ મુજબ ફરીથી નિર્ણય કરવામાં આવશે.અત્યાર સુધીમાં ગુજરાત સરકારના ખર્ચે ૪૦.૯૯ લાખ RT-PCR ટેસ્ટ કરવામાં આવ્યા છે. લોકડાઉન પર રાજ્ય સરકાર દ્વારા જે વિચારણા કરવામાં આવશે, તેનાથી નાગરીકોને માહિતગાર કરવામાં આવશે.

ગુજરાતમાં ઉત્પાદન કરાતા ઓક્સિજનનો તમામ જથ્થો મેડિકલ ઉપયોગ માટે કરી દીધો છે. આ માટે કલેક્ટરો તથા DSઁને જવાબદારી સોંપવામાં આવેલી છે.પોલીસ દ્વારા આ પ્રકારના ઓક્સિજનની ટેક્રોને લાવવા-લઈ જવા માટે પાઈલોટિંગની સેવા આપવામાં આવે છે.આપણે દરેક જિલ્લામાં લેબોરેટરી વધારી રહ્યા છીએ. સરકારના આરોગ્ય વિભાગે પણ લેબોરેટરી અને સેમ્પલોની સંખ્યાને ધ્યાનમાં રાખીને મશીનો વધાર્યા છે. ખાનગી લેબોરેટરીઓને પણ ઝડપથી મંજૂરી આપી રહ્યા છીએ, જેથી ટેસ્ટિંગની ઝડપ વધે. રાજ્ય સરકાર દ્વારા સરકારી અને કોવિડ હોસ્પિટલોમાં રેમડેસિવિર ઈન્જેક્શનો પૂરા પાડવાની વ્યવસ્થા કરાઈ છે.

રોજના ૨૦૦૦૦ની આજુબાજુની સંખ્યામાં ઈન્જેક્શનો જિલ્લાઓ અને મહાનગરોને મોકલીએ છીએ. સરકારી હોસ્પિટલોમાં આ ઈન્જેક્શનો મફત અપાય છે અને ખાનગી હોસ્પિટલોમાં જરૂર મુજબ તેને મોકલવામાં આવે છે.

લોકડાઉન અંગે નિષ્ણાતોના જુદા જુદા અભિપ્રાય આવે છે. જો માસ્ક પહેરો, સાબુથી હાથ ધોવો અને સોશિયલ ડિસ્ટન્સિંગ રાખો તો લોકડાઉનની જરૂર નથી. લોકડાઉન કરવાથી કોરોનાની ચેઈન તૂટે છે તેવું કોઈ પ્રમાણ મળ્યું નથી.રાત્રિના સમયે લોકો ઘરોની બહાર બેસીને વાતચીત કરવા બેસતા હોય છે એવામાં કોરોનાનું સંક્રમણ ફેલાઈ શકે છે.

## દવા અને ઓક્સિજન સપ્લાઈ પર મોદીની ડોકટરોની સાથે મહત્વની બેઠક

ન્યુ દિલ્હી,તા.૧૯

દેશમાં ખતરનાક બની રહેલી કોરોનાની બીજી લહેર વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક મહત્વની બેઠક કરી રહ્યાં છે. જેમાં તેઓ દેશના જાણીતા-પ્રખ્યાત ડોકટર્સ સાથે કોરોનાની સ્થિતિને લઈને વાત કરશે. જે બાદ ઁસ ફાર્મા કંપનીઓની સાથે પણ ચર્ચા કરશે. આ દરમિયાન દવા અને ઓક્સિજન સપ્લાઈ પર ચર્ચા થઈ શકે છે. સાથે જ મોદી વેક્સિનેશન તેજ કરવાની વાત પર પણ જોર આપી શકે છે.કોરોનાના વધતા કેસને જોતા છેલ્લાં કેટલાંક દિવસોમાં લોકડાઉન જેવા પ્રતિબંધોની માગ કરવામાં આવી રહી છે. અનુમાન લગાડવામાં આવી રહ્યું છે કે બેઠકમાં તમામ રાજ્યોના મુખ્યમંત્રી સાથે પણ ઓનલાઈન વાત કરવામાં આવી શકે છે. તેમની ભલામણના આધારે જ રાજ્યોના મુખ્યમંત્રીને પણ ઓનલાઈન વાત કરવામાં આવી શકે છે. તેમની ભલામણને આધારે સરકાર આગળની રણનીતિ નક્કી કરી શકે છે.

વડાપ્રધાન મોદીએ રવિવારે પોતાના સંસદીય ક્ષેત્ર ઉત્તર પ્રદેશના વારાણસીમાં કોરોનાની સ્થિતિ અંગે વીડિયો કોન્ફરન્સથી રિવ્યૂ કર્યો હતો. આ દરમિયાન વડાપ્રધાને કોરોનાથી બચવા તથા કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે ટેસ્ટિંગ, બેડ, દવાઓ, વેક્સિન અને મેન પાવર જેવાં મુદ્દે ક્ષેત્રીય જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ સાથે વાત કરી હતી. મોદીએ ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટ પર જોર આપતા કહ્યું કે કોરોનાનીી પહેલી લહેરની જેમ જ વાયરસ સામે જીતવા માટે આ જ રણનીતિ અપનાવી પડશે.

ભારતમાં કોરોનાની ઝપેટમાં આવનારા લોકોનો આંકડો રવિવારે દોઢ કરોડને પાર થઈ ગયો છે. અત્યાર સુધીમાં ૧ કરોડ ૫૦ લાખ ૫૭ હજાર ૭૬૭ લોકો સંક્રમિત થઈ ગયા છે. થોડી રાહતની વાત એ છે કે તેમાં ૧ કરોડ ૨૯ લાખ ૪૮ હજાર ૮૪૮ લોકો સ્વસ્થ પણ થઈ ગયા છે.સંક્રમણથી જીવ ગુમાવનારાઓની સંખ્યા હવે ૧ લાખ ૭૮ હજાર ૭૯૩ થઈ ગઈ છે. ૧૯ લાખ ૨૩ હજાર ૮૭૭ દર્દી એવા છે જેમની હાલ સારવાર ચાલી રહી છે. એક્ટિવ કેસનો આ આંકડો અમેરિકા પછી સૌથી વધુ છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૧૧૪૦૩
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૪૧૫૯૭૨
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુઃ ૧૧૭
રાજયમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૪૧૭૯
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૩૪૧૮૨૪

## તંત્રી સ્થાનેથી...

# નીતી આયોગે કહ્યું- હવામાં વધુ ઝડપથી કોરોના ફેલાઈ રહ્યો છે, ICMRએ કહ્યું- બીજી લહેર ઓછી ખતરનાક

*અંતે કેન્દ્ર સરકારે માન્યુ છે કે કોરોનાવાઈરસનું સંક્રમણ હવામાં ઝડપથી થઈ રહ્યું છે. નીતી આયોગના સભ્ય વીકે પોલે સોમવારે આ વાત કહી છે. જોકે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસચo(ICMR)એ કહ્યું કે બીજી લહેર ઓછી ખતરનાક છે.*

*વીકે પોલે જણાવ્યું કે ગત વર્ષે આવેલી લહેરમાં જેટલા લોકો સંક્રમિત થયા, તેમાં ૩૦ વર્ષથી ઓછી ઉંમરવાળા ૩૧ ટકા હતા. આ વખતની લહેરમાં આ ટકાવારી ૩૨ ટકા છે. ૩૦થી ૪૫ વર્ષની વચ્ચેની ઉંમરવાળા ૨૧ ટકા છે. ગત વર્ષે પણ સંક્રમિતોમાં તેનું પ્રમાણ આટલું જ હતું. એવામાં એ વાત સ્પષ્ટ છે કે યુવાઓમાં સંક્રમણ વધુ હોવા જેવી વાત નથી.*

*ICMRના ડીજી બલરામ ભાગર્વે કહ્યું કે ગત વર્ષેની લહેર જેટલી ખતરનાક હતી, તેના પ્રમાણમાં આ વર્ષની કોરોનાની લહેર ઓછી ખતરનાક છે. ICMઈ અને નીતિ આયોગે આ વાત મેડિકલ જર્નલ લૈંસેટના રિપોર્ટના હવાલાથી કહી છે. લૈંસેટે થોડા દિવસો પહેલા કહ્યું હતું કે WHO અને બીજી સ્વસ્થ્ય એજન્સીઓએ વાઈરસ સામે લડવાની રીતમાં તાત્કાલિક ફેરફાર કરવો પડશે.*

*વિશ્વના પ્રમુખ હેલ્થ રિસર્ચ જર્નલ લૈંસેટે દાવો કર્યો હતો કે કોરોના વાઈરસ હવાથી ઝડપથી ફેલાઈ રહ્યો છે. વાઈરસને લઈને અત્યાર સુધી છપાયેલા અલગ-અલગ સ્ટડીનો રિવ્યુ કરીને એક્સપર્ટે પોતાની વાતને સાબિત કરવા માટે ઘણા કારણો પણ રજૂ કર્યા હતા. રિવ્યુના મુખ્ય લેખક ઓક્સફોર્ડ યુનિવર્સિટીના ત્રિશ ગ્રીનહાલે કહ્યું હતું કે નવા ખુલાસા પછી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન(WHO) સહિત બીજી હેલ્થ એજન્સીઓએ વાઈરસના ટ્રાન્સમિશન થવાની પરિભાષાને બદલવાની જરૂરિયાત છે. તેમણે ફિઝિકલ ડિસ્ટન્સિંગ, માસ્ક સહિત જે અન્ય નિયમો બનાવ્યા છે, તે આ વાઈરસને રોકવા માટે પુરતા નથી. આ રિવ્યુને યુકે, યુએસએ અને કેનેડાના છ એક્સપર્ટ્સે લખ્યા છે.*

*૧૫ મહીનાના કોરોનાકાળમાં રિસર્ચ પછી ભારતીય સાયન્ટીસ્ટોએ સ્પષ્ટ કર્યું છે કે વાઈરસ ગરમીમાં ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ પહેલા એમ માનવામાં આવતુ હતું કે વાઈરસ ઠંડીમાં વધુ અસર બતાવશે. ભારત સરકારના ૧૭ સાયન્ટીસ્ટોના રિસર્ચમાં એ વાત પ્રકાશમાં આવી છે કે ગરમીના કારણે વાઈરસની ફેલાવવાની ક્ષમતા વધી જાય છે. સેન્ટર ફોર સેલુલર એન્ડ મોલિકુલર બાયોલોજી(CCMB) હૈદરાબાદના ડાયરેક્ટર ડો.રાકેશ મિશ્રા જણાવે છે કે ગરમીની સિઝનમાં શ્વાસ ઝડપથી વરાળ બની જાય છે. એવામાં કોઈ સંક્રમિત વ્યક્તિ શ્વાસ છોડે છે તો વાઈરસ નાના-નાના ટુકડામાં વહેંચાઈ જાય છે. વાઈરસના અતિસુક્ષ્મ કણ શ્વાસની સાથે સ્પ્રેની જેમ ઝડપથી બહાર આવે છે. પછીથી મોડે સુધી હવામાં રહે છે.*

*જો કોઈ વ્યક્તિ માસ્ક વગર તે જગ્યાએ પહોંચે છે તો તેની સંક્રમિત થવાની શકયતા વધી જાય છે. જોકે ખુલ્લા વાતાવરણમાં સંક્રમણનો ખતરો વધુ છે. જોકે કોઈ હોલ, રૂમ, લિફ્ટ વગેરેમાં કોઈ વ્યક્તિ છીંક ખાય છે, તો ત્યાં લોકોમાં સંક્રમણ ફેલાવવાની શકયતા વધી જાય છે. હવામાં વાઈરસની અસરને સમજવા માટે વૈજ્ઞાનિકોએ હૈદારાબાદ અને મોહાલીની અલગ-અલગ ૬૪ જગ્યાઓમાંથી સેમ્પલ લીધા. તેમાં હોસ્પિટલોના ICU, સામાન્ય વોર્ડ, સ્ટાફ રૂમ, ગેલેરી, દર્દીના ઘરના બંધ અને ખુલ્લા રૂમ, વેન્ટિલેશન અને વગર વેન્ટિલેશન વાળા ઘર સહિતની જગ્યાઓ સામેલ છે.*

## સમસ્યા પહેલા જ સમાધાન આવી ગયું હોય છે,આસપાસ-ઊપર જોવાની જરુર છે.

# સમન્વયનો વિચાર મોડે-મોડે પણ દરેકે સ્વિકારવો પડે છે,રામચરિતમાનસ જંગમ હરિદ્વાર છે:મોરારિબાપુ

**હરિ અનંત હરિકથા અનંતા,કહહિ સુનહિ બહુબિધિ સબ સંતા;દ્વારપાલ હરિકે પ્રિય દોઉ,જય અરુ બિજય જાન સબ કોઉ.**



પરમ પાવની માં ગંગાતટ પર પરમ પાવન કુંભ પર્વ પર પાવન હરિહર આશ્રમની પ્રવાહી પરંપરા પર વહેતી રામકથાનાં પૂર્ણાહૂતિ દિવસનાં પ્રારંભે મહામંડલેશ્વર આચાર્ય અવધેશાનંદગિરિજીએ કૃતજ્ઞાતા વ્યક્ત કરતા જણાવ્યું કે ધન્યતા અનુભવાય છે,કથા જ રામ છે,ભગવાન છે.કથા સુની નહિ જાતી,પીયી જાતી હૈ.અવર્ણનીય,અકથનીય,અસીમ કથા દ્રષ્ટાને પોતાનાં મૂળ સ્વરૂપમાં લઈ આવે છે.કથાનું ફળ પારમાર્થિક સત્તાની અનુભૂતિ કરાવે છે.જે પ્રારબ્ધમાં પારમાર્થિક ફળ પેદા કરે એ કથા.વિવેકરુપી કાંટાથી સંસાર રુપી કાંટાને કાઢતા શિખવે એ કથા,બાકી વ્યર્થ વ્યથા.બાપુમાં વાલ્મિક વસ્યા છે,તુલસિ જેનાં રોમ-રોમમાં છે.તેમજ યજમાન ટીનાભાઇ(નૈરોબી)પરિવાર તેમજ ઋષિકેશ પરમાર્થ નિકેતન આશ્રમનાં ચિદાનંદમુનિજી,રામકૃષ્ણ આશ્રમનાં સંત દયાકૃપાનંદજી,રાજેશ્વરાનંદજી, દયાનંદજી,અપૂર્વાનંદજી તથા મીરાં પુરીજી વગેરેની કૃતજ્ઞતા વ્યક્ત કરી.

બાપુએ જણાવ્યું કે રાવણ વૈશ્વિક સમસ્યા છે,હનુમાન વૈશ્વિક સમાધાન છે.ઈશ્વર પાણી ન બનાવે તો તરસ દેવાનો એમને અધિકાર નથી,ભૂખ આપતા પહેલાં સ્વયં અન્નનાં રૂપમાં આવે છે,સમસ્યા પહેલા સમાધાન બંદર,સુંદર, અંદર,બહાર,પ્રગટ,અપ્રગટ,રાત,દિવસમાં આપણી પ્રતિક્ષા કરતું હોય છે,સુંદરકાંડમાં જેમ અશોકવૃક્ષની ઉપર બેઠેલા હનુમાનની જેમ.

હનુમાનજીને માં(સિતા)કહે છે કે અજર,અમર થઇશ,ગુણનિધિ થઇશ પણ હનુમાનજી પર કોઇ અસર ન થઇ,પણ એમ કહ્યું કે તારા પર રામની કૃપા,કરુણા,પ્રેમ ઊતરશે અને ડૂબી ગયા ભાવમાં.

કરહિ કૃપા પ્રભુ અસ સુનિ કાના;બસહિં નિર્ભર પ્રેમ મગન હનુમાના.

રસ્તામાં બધા ખાવાવાળા જ મળ્યા બધા ભૂખ્યા જ મળ્યા,આજે ખવડાવનારી માં મળી,માં મને ભૂખ લાગી છે.અહી બાપુએ નીતિભાવની નીતિની ચોપાઇ:સઠ સન વિનય,કુટિલ સન પ્રીતિ,સહજ કૃપણ સન સુંદર નીતિ. અહીં ચાણક્ય,વિદૂર,ભતૃહરિ વગેરેની નીતિ મુજબ તો બરાબર પણ તલગાજરડી પ્રીતિ શાસ્ત્ર એમ કહે કે શઠ સાથે જ વિનય,જે વક્ર છે એની સાથે જ પ્રેમ કરાય,સીધાને તો સૌ પ્રેમ કરે છે,જે સહજ કૃપણ છે એના પર જ સુંદર નીતિથી પ્રેમ કરવો આ પ્રીતિપક્ષનો ભાવ છે.

રામે વિભિષણની સલાહથી સાગર કાંઠે ત્રણ દિવસ અનશન કર્યું,પણ પ્રકૃતિનાં પાંચે ય તત્વો જડ છે.અહીં પ્રણતપાલ,મખપાલ,ભૂમિપાલ,કૂલપાલ, કટુંબપાલ,ધર્મપાલ,નૃપપાલ,સેતુપાલ જેવા પાલ સંબંધિત અનેક શબ્દો મળે છે એની વાત કરી.એ પછી સેતુબંધની કથા કહેતા બાપુએ જણાવ્યું કે સમન્વયનો વિચાર મોડેથી પણ સ્વિકારવો જ પડશે.કૃષ્ણને લોક અને શ્લોકને જોડવા હતા,ગ્રામિણ અને નાગરી સભ્યતાને જોડવા માટે બધાને પ્રેમ કરતો હતો છતાં કૃષ્ણ બધાને છોડીને ગયો છે.રામ-રામ રટવાથી રામ મળે કે ન મળે,રટનાર ખુદ રામ બની જાય છે.લાકડાની નાવથી એક રામ તર્યા પણ રામે પથ્થરનાં સેતુથી સેંકડોને તાર્યા છે.રઘવેન્દ્રની કથાલીલામાં કેટલા બધા પથ્થરો દિક્ષિત થયા છે.ગગનગામી બનીને લંકાતરફ ઊડ્યા એ જ્ઞાનમાર્ગીઓ,પગપાળા સેતુ પર ચાલ્યા એ કર્મમાર્ગીઓ અને એક કૃપા માર્ગ છે જ્યાં રામ જલચરોને દર્શન આપે છે ને વિશાળકાય જળચરો પરથી અનેક સાગર પાર થાય છે.અહીં હરિદ્વાર એ હરિ અને હર બંનેનું દ્વાર તો ખુદ સેતુ છે.રામ-રાવણ યુધ્ધ,પુષ્પક આરુઢ થઇ અયોધ્યા ગમન,વિવિધ રૂપથી દરેકને મળ્યા અને સિંહાસન-સત્તા ખુદ સત પાસે આવી,વસિષ્ઠનાં હાથે રામનો રાજ્યાભિષેક થયો.

ઉપસંહારમાં બાપુએ કહ્યું કે:બાલકાંડ જન્મનું દ્વાર,અયોધ્યાકાંડ કર્તવ્યપરાયણતાનું દ્વાર,અરણ્યકાંડ ચરૈવેતિ-વિચરણનું દ્વાર,કિષ્કિંધાકાંડ ચાતુર્માસ કરવાનું દ્વાર,સુંદરકાંડ વિરહનું દ્વાર,લંકાકાંડ પ્રવૃત્તિનું દ્વાર અને ઉત્તરકાંડ પરમ વિશ્રામનું દ્વાર છે.

ગરિદ્વારમાં જે-જે છે એ બધું જ રામચરિતમાનસમાં પણ છે.જેમકે ગંગા,પહાડો-કામદગિરિ,સુમેરુ,વિંધ્યગિરિ,ચિત્રકૂટ વગેરે,તરંગો,સતત પ્રવાહિત,નીલધારા,પરમાર્થ જ પરમાર્થ.આથી રામચરિતમાનસ પણ જંગમ હરિદ્વાર છે,સ્વયં હરિદ્વાર છે.

આ કથાનું સુફળ કુંભમાં આવેલા બધાજ લોકો,સંતો-મહંતો-મંડલેશ્વરો તમામને અર્પણ કરતા બાપુએ જણાવ્યું કે આ સુકૃતથી બધાનું આરોગ્ય સલામત રહે અને આ મહામારીથી સૌનો છૂટકારો થાય. આગામી કથા-ગત ૧૪થી૨૨ માર્ચ-૨૦૨૦માં અધૂરી રહેલી ૮૪૩મી કથા-માનવ મંદિર, રામપરા-રાજુલા ખાતે માત્ર ૫૦ જ પૂર્વ આમંત્રિત અને કોવિડની તમામ ટેસ્ટિંગમાં પાસ કરીને સ્થાનિક શ્રોતાઓ સામે બાકીનાં ૬ દિવસની કથા ૨૦થી૨૫ એપ્રિલનાં યોજાશે.જ્યાં મહામારીની ગંભીરતાને લઇને અન્ય કોઇને પ્રવેશ મળી શકશે નહી.

# આવતી કાલ ૨૦ તારીખથી ચાર દિવસ રાજપીલાના માટે બજારો બન્ધ રહેશે




રાજપીપલા, તા ૧૯

આવતી કાલ ૨૦તારીખ મંગળવાર થી ચાર દિવસ માટે ફરી એક રાજપીલાના બજારો બન્ધ રહેશે. કોરોના ના વધતા જતા કેસો અટકાવવા અને કોરોનાની ચેઇન તોડવા વેપારીઓ અને તંત્રએ નિર્ણય લીધો છે. ત્યારે ૨૦મીથી બજારો બન્ધ રહેવાના અહેવાલથી આજે રાજપીપલા મા આમ જનતા ખરીદી કરવા તૂટી પડી હતી. બજારો, બેંકો અને અને દુકાનોમાં ભારે ભીડ જોવા મળી હતી. રસ્તા પર પણ વાહનોનીભારે ભીડ જણાઈ હતી. બન્ધ ના સમાચાર થી બજારમાં ખરીદી કરવા આજે માનવ કીડિયારું ઉભરાયુંહતું પેટ્રોલ પંમ્પ સહીત બેંકોમાં ભારે ભીડ જામી હતી.

કોરોના સંકર્મણથી બચવા આવતી કાલથી રાજપીલા બંધ કરાઈ રહ્યું છે ત્યારે પબ્લિક જ઼ ભીડ મા ટોળે વળી સંકર્મણ ફેલાવતી જણાતી હતી. જે બીક થી બચવા બજારો બંધ કરાઈ રહ્યા છે તેજ બીક આજે ભારે ભીડ મા જોવા મળીહતી. થોડા દિવસ પહેલા રાજપીપલા શહેર ના વેપારીઓ અને તંત્ર વચ્ચે બેઠક યોજાઇહતી એ બેઠક માં મંગળવાર થી શુક્રવાર સુધી રાજપીપલા નું બજાર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યોહતો. કોરોના નું સંક્રમણ નર્મદા જિલ્લામાં વધી રહ્યું હોવાથીઆ નિર્ણય લેવાયો છે કોરોના ની ચેઇન તોડવા માટે ૪ દિવસ રાજપીપલા નું બજાર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે

૨૪ એપ્રિલ ના રોજ ફરી બેઠક યોજવામાં આવશે જેમાં આવનારા દિવસો માટે નિર્ણય લેવામાં આવશે. હવે એ જોવું રહ્યું કે ચાર દિવસ આ બંધ ને કેવી સફળતા મળે છે.

નર્મદામાં કોરોનાના વકરતા જતા કેસને કારણે રાજપીપળા ની જેમ હવે ડેડીયાપાડા પણ ચાર દિવસ બજાર બંધ રાખવા નો નિર્ણય લેવાતા સોમવારે બજારો બંધ રહ્યા હતા. ડેડીયાપાડામા પણ સોમવારથી ચાર દિવસ માટે બજારો બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# સ્ટેચ્યુ ઓફ યુનિટીના સત્તાધીશોનું જડ વલણ, નર્મદા મા કોરોના વિસ્ફોટ છતાં સ્ટેચ્યુ ચાલુ રખાતા રોષ

રાજપીપલા, તા ૧૯

નર્મદા મા કોરોના વિસ્ફોટ છતાં સ્ટેચ્યુ ચાલુ રખાતા લોકો મા રોષ જોવા મળી રહ્યો છે. કોરોના ના કેસો વધવાથી સરકારે જાહેર કાર્યક્રમો, મેળાવડાઓ બંધ રાખ્યા છે. ત્યારે એક માત્ર સ્ટેચ્યુ કેમ ચાલુરાખ્યું છે તેની સામે સવાલો ઉઠી રહ્યા છે.

હાલ વધતી જતી ગરમી અને કોરોનાને કારણે હાલ સ્ટેચ્યુ પર પ્રવાસીઓની સંખ્યા ઘટી જવા પામીછે

ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી ગેટ નંબર ૫ ની બહાર રાજય સરકારની સૂચના મુજબ જિલ્લા આરોગ્ય વિભાગ અત્રે આવનાર પ્રવાસીઓનો રેપીડ એન્ટીજન કોવિદ ટેસ્ટ કરશે ઉપરાંત થર્મલ ગન,પલ્સ ઓક્સીમીટરથી પણ ચેકીંગ કરવાનું નક્કી કરાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર ૨૦૨૦થી સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે ખુલ્લું મુકાયું ત્યારથી જ અત્રે ફરજીયાત માસ્ક સહિતના કોવિદ પ્રોટોકોલનું પાલન કરાવવામાં આવે છે. અને તકેદારીનાં પગલાં લેવા તંત્ર કટિબદ્ધ છે.

જો કે સ્ટેચ્યુ પર જેનો રિપોર્ટ નેગેટિવ હોય તો જ પ્રવેશ અપાશે એમ જણાવ્યું છે. એટલે ઘણા પ્રવાસીઓ જતા ડરે છે હાલ ગરમી પણ વધારે હોવાથી અને કોરોનાને કારણે હાલ સ્ટેચ્યુ પર પ્રવાસીઓની સંખ્યા ઘટી જવા પામી છે જોકે અધિકારીઓ ના જણાવ્યા અનુસાર જે પ્રવાસી અગાઉથી જ ટેસ્ટ કરાવીને આવે તેમને થર્મલ ગન અને પલ્સ ઓક્સીમીટરથી તપાસીને જ પ્રવેશ અપાશે

જો કે બીજી તરફ વિરોધ પક્ષ કોંગ્રેસે તંત્રાને આવેદન આપી કોરોના સંકર્મણ થી બચવાઅને વધતા જતા કેસો સામે સ્ટેચ્યુ હાલ પૂરતું બંધ રાખવા આવેદન આપ્યું છે ત્યારે તંત્ર એ સ્ટેચ્યુ ચાલુ રાખ્યું છે એ કેટલું યોગ્ય છે એવો પ્રશ્ન લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. એક તરફ આવતીકાલ થી ચાર દિવસ માટે રાજપીપલા અને ૩દિવસ માટે ડેડીયાપાડા બંધ રાખ્યું છે. બીજી તરફ સરકારે જાહેર કાર્યક્રમો, મેળાવડાઓ બંધ રાખ્યા છે. ત્યારે એક માત્ર સ્ટેચ્યુ કેમ ચાલુ રાખ્યું છે ?તે સવાલ લોકોમાં ઉઠ્યો છે. સાવચેતિ ના ભાગ રૂપે પણ સ્ટેચ્યુ બન્ધ કરવું જોઈએ એવો સુર વહેતો થયો છતાં તંત્ર ના જડ વલણ સામે પ્રજામાં રોષ ફેલાયો છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# કેવડિયા જંગલ સફારી પાર્કમા દેશ-વિદેશનાં પ્રાણી-પક્ષીઓ માટે ગરમીમાં AC,કુલર અને પંખા મૂકાયાં



રાજપીપળા, તા ૧૯

નર્મદા મા હાલ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને વટાવી ગયો છે. ત્યારે મનુષ્ય સહીત પશુ પક્ષીઓને પણ અસહ્ય ગરમીમાં અસર થઈ રહી છે. ત્યારે કેવડિયાખાતે આવેલ જંગલ સફારી પાર્ક (સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક )મા દેશ-વિદેશનાં પ્રાણી-પક્ષીઓ.માટે ગરમીમાં છઅ,કુલર અને પંખા મૂકાયા છે

સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને સંલગ્ન પ્રવાસીય પ્રોજેકટ પ્રવાસીઓની પહેલી પસંદ બની ચૂકયું છે આજે દેશ-વિદેશમાં તેની સકારાત્મક નોંધ પણ લેવાઈ રહી છે. અત્રે પ્રવાસીઓ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની પરીકલ્પના સમાન સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક(જંગલ સફારી) કે જે ૩૭૫ એકરમાં ફેલાયેલ છે જેમાં દેશ-વિદેશનાં ૧૧૦૦ થી વધુ પ્રાણી-પક્ષીઓનો સમાવેશ થયેલ છે ત્યાં હાલ ઉનાળાની ઋતુને ધ્યાને લઈને જરૂરીયાત મુજબ ઠંડક રહે અને સાનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ થાય તે માટે AC,કુલર અને પંખા મૂકવામાં આવ્યા છે.

કેવડીયા જંગલ સફારીમાં પહેલાથી જ પ્રાણી-પક્ષીઓને ખુલ્લુ કુદરતી વાતાવરણ મળી રહે તે રીતે મોકળાશ અપાઈ છે અને ખાસ કરીને ભારતની બદલાતા રહેતા વાતાવરણને ધ્યાને લઈને એક્શન પ્લાન મુજબ શિયાળા,ઉનાળા અને ચોમાસા દરમ્યાન પ્રાણીઓની સવિશેષ કાળજી રાખવામાં આવી રહી છે. આ માટે સમર્પિત તબીબો તેમજ બાયોલોજીસ્ટ સહીતની ટીમ ૨૪ કલાકમાં ત્રણ-ત્રણ વાર દેખરેખ કરી રહ્યા છે. સાથે સાથે રાઉન્ડ ધી ક્લોક કામ કરતાં ૬૭ જેટલા તાલીમબધ્ધ એનિમલ કિપર પણ હંમેશા નિરીક્ષણ કરતા રહે છે. બદલાતી જતી ઋતુ પ્રમાણે પ્રત્યેક પ્રાણી-પક્ષીઓ માટે જે ડાયેટ પ્લાન નક્કી કરાયેલ છે તે મુજબ જ નિષ્ણાંતની દેખરેખમાં પ્રતિદિન ખોરાક અપાઈ રહ્યો છે.હાલ તમામ પ્રાણી-પક્ષી સ્વસ્થ છે અને મુક્તમને વિહાર કરી રહ્યા છે.તેમ,અધિક કલેકટર,સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, કેવડીયા એ જણાવ્યું છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# રાજપીપળા કરજણ નદી કિનારે આવેલો રામગઢ અને રાજપીપળા ને જોડતો હમણાં જ નવો બનાવેલો પુલ વચ્ચે થઈ બેસી પડ્યો!

રાજપીપલા, તા ૧૯

રાજપીપળા ખાતે આવેલ કરજણ નદી ઉપર હમણાં થોડા વખત પહેલા સામે પાર આવેલ રામગઢ ગામ અને રાજપીપળાને જોડતો કરજણ નદી ઉપર નવો પુલ બનાવ્યો બનાવ્યો હતો. જે ટૂંકા ગાળામાં જ વચ્ચેથીઆજે અચાનક બેન્ડ વળી ગયો હતો. અને વચ્ચેથી જેથી બેસી ગયેલો દેખાતો હતો. બંને સાઇડના કાંગરા પણ તૂટી ગયાં. હતા. જોકે આ પુલ જોખમી બન્યો હોય પુલ ઉપરથી લોકો અને વાહનચાલકો દોડી રહ્યા છે. જે અત્યન્ત જોખમી છે. આ પુલ ગમે ત્યારે બેસી જાય કે તૂટી પડે કે કોઈ મોટી હોનારત સર્જાય કે જાનહાની થાય તે પહેલા પુલને તાત્કાલિક અસરથી બન્ને સાઈડથી બંધ કરી દેવો જોઈએ. જો કોઈ જાન હાનિ થશે તો તેના માટે તંત્ર જવાબદાર ઠરશે. અહીં તાત્કાલિક સિક્યોરિટી મુકવાની પણ જરુરુ છે.

લોકોની અવર-જવર બંધ કરવી જોઈએ અને તાત્કાલિક સમારકામ કરવું જોઈએ. જોકે આ પુલના તકલાદી બાંધકામની પોલ બે ચાર મહિનામાં જ ખુલી ગઈ છે ત્યારે સરકારે કરોડોના ખર્ચે કરજણ નદી ઉપર તૈયાર કરેલો પુલ આજે અત્યંત જોખમી સાબિત થયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પુલ નું લોકાર્પણ જ઼ થયું નથી !અને તેનું લોકાર્પણ કર્યા વગર જ આ પુલ ખુલ્લો મૂકી દેવાયો હતો.તેની પાછળ નું ગણિત પણ લોકોને સમજાયું નથી. આ પુલ શરૂ થયા પછી લોકોપુલ ઉપરથી આવન જાવન કરે છે.જો આ પુલ પરથી ભારે વાહનો પસાર થશેતો આ પૂલનેમોટું નુકશાન થવાની શક્યતા છે.ત્યારે પહેલા તો આ પુલને અને બંને સાઈડથી તાત્કાલિક અસરથીબંધ કરી દેવાની જરૂર છે. અહીંયા સીકયોરીટી પણ મુકવાની પણ તાતી જરૂર છે. જો કઈમોટું નુકશાન થશેતો તે માટે તંત્ર જવાબદાર રહેશે. આજે પણ બેરોકટોક વાહનો દોડી રહ્યા છે. ત્યારે તંત્ર પુલ તૂટી પડે અને મોટી હોનારત સર્જાય તેની શું રાહ જોઈ રહ્યું છે ?

અત્રે ઉલ્લેખનીય છે કે આ પુલના બાંધકામ નું કામ કઈ એજન્સી અને ક્યાં કોન્ટ્રાક્ટર ને આપવામાં આવ્યું હતું?તેમણે આ તકલાદી કેવી કામગીરી કરી છે? તેની તાત્કાલિક તપાસ થવી જોઈએ. અને કોન્ટ્રાક્ટરો અને એજન્સી સામે કાયદે સરના પગલા લેવા જોઈએ. તેમજ તેની સામે તમામ ખર્ચ વસુલ કરાવી પુલનું સમારકામ કરાવવું જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે નર્મદા નદીને કિનારે પોઇચા પુલ પણ આવી જ રીતે તકલાદી હોય વારંવાર સમારકામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે નર્મદા જિલ્લામાં બનતા પુલોના કામો તકલાદી કામો થઈ રહ્યા છેતેના આ પુલો બોલતા પુરાવા છે.

સાંસદ મનસુખભાઈ વસાવા ભ્રષ્ટાચાર થાય છે ત્યારે તેમની સામે અવાજ ઉઠાવે છે.ત્યારે સાંસદ મનસુખ ભાઈ પોતેઆ પુલની મુલાકાત લે અને નિરીક્ષણ કરે. તેમજ આ પુલ બેસી કેવી રીતે ગયોતેની તાત્કાલિક તપાસ કરાવેઅને જવાબદારો સામેકાયદેસર ના પગલાં લેવડાવે તેવી પણ લોકમાંગ ઉઠવા પામી છે.

રિપોર્ટ : જયોતિ જગતાપ, રાજપીપલા

# મોટરસાઈકલ ચોરી ના મુદ્દામાલ રીકવર કરી કુલ-૧૪ ગુના ડીટેક્ટ કરતી એલ.સી.બી. નર્મદા પોલીસ

રાજપીપલા તા ૧૯

મોટર સાયકલ ચોરી કરનાર આંતર રાજ્ય ગેંગના મુખ્ય આરોપી કુલ-૧૩ મો.સા.સાથે ઝડપાયો છે.મોટરસાઈકલ ચોરી ના મુદ્દામાલ રીકવર કરી કુલ-૧૪ ગુના એલ.સી.બી. નર્મદા પોલીસે ડીટેક્ટ કર્યા છે .એ.એમ.પટેલ, પોલીસ ઈન્સપેક્ટર, એલ.સી.બીના જણાવ્યા અનુસાર જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગ દર્શન અનુસાર એલસીબી સ્ટાફ સાથે રાજપીપળા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, નર્મદા જીલ્લામાં વાહન ચોરી કરી ગેંગના સભ્યો રાજપીપળા તરફ આવનાર છે. જે આધારે જુના રામપરા થી વાવડી જતા રસ્તા પરથી એક નંબર પ્લેટ વિનાની કાળા કલરની બજાજ કંપનીની પલ્સર ૨૨૦ F મોટર સાયકલ આવતા મો. સા. ચાલકને પકડી મોટર સાયકલના સાધનીક કાગળો તથા અન્ય વિશેષ પુછપરછ કરતા સંતોષકારક જવાબ નહી મળતા આ મોટર સાયકલના એજીન નંબર તથા ચેસીસ નંબર પોકેટ કોપ મોબાઈલ એપ્લીકેશન તેમજ વહન પોર્ટલ ઉપર ચેક કરતા રાજપીપળા પોલીસ ચોરીનો ગુનો રજીસ્ટર થેયલ હતો.

આ મોટર સાયકલ ગુનાના કામે કબજે લઇ આરોપી સચીન ઉર્ફે નિહાલસિંગ જુગડીયા ભીલાલા રહે. સુમન્યાવાદ, તા.કકીવાડા જી.અલીરાજપુર(મધ્યપ્રદેશ)ની વિશેષ પુછપરછ કરતા તેણે અન્ય આરોપીઓ સાથે મળીને ગુજરાતના અલગ અલગ જીલ્લામાંથી મોટર સાયકલ ચોરીના ગુનાને અંજામ આપેલ જેથી આરોપીને સાથે રાખી આરોપીના વતન ખાતેના રહેણાંક પરથી તથા સહ આરોપીઓના રહેણાંક પરથી તપાસ કરતા કુલ-૧૩ મો.સા. રીકવર કરવામાં આવેલ છે.જ્યોતિ જગતાપ, રાજપીપલા

CYMK

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજ ૬ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.
વિષય : આપણ જીવન નો યાદગાર રમૂજ પ્રસંગ- .દિવસ - ૧

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.

---

NOG SS No : 0077
વિભાગ:ગદ્ય, લેખ
વિષય:મારા જીવનનો યાદગાર રમૂજી પ્રસંગ
શીર્ષક:કરવા ગઈ કંસાર ને થઈ ગઈ થુલી

પહેલાંના વખતમાં ઘરની બધી મહિલાઓ ભેગી થઈને ઘરે જ પાપડ બનાવતી,એ વખતની વાત છે. એકવાર મારા ફોઈને ત્યાં અમે સહુ ઉમરેઠ મળવા ગયાં હતાં. અમે ઓચિંતા એમના ઘરે જઈ ચડ્યાં હતાં.
એ વખતે એમના ઘરે પાપડ બનાવવાનો પ્રોગ્રામ પહેલેથી જ નક્કી હતો.
ફોઈબા પાપડનો લોટ બાંધવામાં નિષ્ણાત...! એમણે લોટ બાંધવાની શરૂઆત કરી ને અમે જઈ ચડ્યાં ,એટલે અમને સહુને, ખાસ કરીને મારા પપ્પાજીને એટલેકે એમના વ્હાલા ભાઈને જોઈને હરખપદુડા થઈ ગયાં.
એમણે એમના ઘરે પાપડ વણવા માટે મદદ કરવા આવેલી અડોસપડોશની મહિલાઓને કહ્યું ,"હું તમને ફટાફટ લોટ બાંધી આપીશ તમે વણી કાઢજો", પછી હું તો મારા ભાઈ જોડે નિરાંતે વાતો કરીશ,"બહું વખતે મારો ભાઈ મારા ઘરે આવ્યો છે."
આવું કહી પછી એ તો મંડ્યા લોટ બાંધવા...!
હરખમાં ને હરખમાં એમણે તો જલ્દી જલ્દી બધાં મરી મસાલા નાંખવા માંડ્યા...!
સરસ મઝાનો લોટ બાંધી પરવારીને બેઠાં એમના ભાઈ સાથે વાતો કરવાં.
પાપડ વણાઈને સુકવાઈ પણ ગયાં. સાંજે થોડાક પાપડ ટેસ્ટ કરવાં માટે શેકી જોયાં. બધા ખાય ને કંઈક વિચિત્ર મોઢા બનાવે.સહુને ટેસ્ટ વિચિત્ર લાગ્યો. બધાં એ સાગમટે ફોઈ સામે જોયું..!
બધાની આંખો ફોઈ તરફ..! ફોઈને શંકાની નજરથી જોવા લાગ્યાં...!
એકસાથે બધાં બોલ્યાં,
"ફોઈ, આ શું નાખ્યું છે પાપડના લોટમાં તુરુ તુરુ...?"
થોડીક વારમાં જેણે વધુ પાપડ ખાધો એના તો સંડાસનાં આંટા ફેરા ચાલુ થઈ ગયાં.
સહુની ધીરજનો બાંધ હવે તુટ્યો.
ફોઈ તો પાક્કા શંકાના ઘેરામાં ફસાયાં..! બધાએ શંકાનાં કઠેરામાં ઉભા રાખી પૂછપરછ ચાલુ કરી.
મગજને જોર આપી લોટમાં શું શું નાખ્યું હતું તે યાદ કરવા કહ્યું..!
લોટ બાંધવાની આખી પ્રક્રિયા ,મસાલા યાદ કરવા કહ્યું ત્યાં તો ફુવા દોડતા આવ્યાં "મારી હરડેની ફાંકીનો ડબ્બો કોણ અહીં મુકી ગયું...?"
ત્યાં તો ફોઈ તાડુક્યા,
"ઓ માંડી રે, બળી તમારી હરડે...! કોણ અહીં મૂકી ગયું ?
મેં એને સફેદ મરચાંનો પાવડર સમજી પાપડના લોટમાં નાખ્યો...!
"આખાય પાપડનાં લોટની મોકાણ મંડાઈ ગઈ...!"
શું કરું..?
હે ભગવાન..!
બધાંની મહેનત પર પાણીમાં ગઈ..!
ફુવા બોલ્યાં, " કાંઈ વાંધો નઈ, સવારનાં પહોરમાં નયણે કોઠે હરડેને બદલે બે પાપડ શેકી ખાઈ લઈશ...!"
"બળી તમારી હરડે"...!
એની લ્હાયમાં ને
લ્હાંયમાં કરવાં ગઈ કંસાર ને થઈ ગઈ થુલી
પછી અમે સહુ ભેગાં મળીને ખૂબ હસ્યાં.
હજુય આ વાત યાદ આવે ત્યારે હાસ્યની છોળો ઉડે...!
(આ સત્ય ઘટના છે.)
ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ
આણંદ.

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા
NOG :SS : 0089
પ્રકાર: ગદ્ય
વિષય: યાદગાર રમૂજી દિવસ
શીર્ષક : સંતોકબેન અમુકાકાના
રેખા શુક્લ- અમેરિકા

આ ઊંમરે તો આવી પહોંચ્યા ,કેટલાક કામો કરવાં બાકી છે
આ કેશ થયા સૌ ચાંદીનાં, મનને સોનાનું કરવું બાકી છે.
જરા મહેકી લઉં હું પૃથ્વીથી, થોડા તારા ગણવાં બાકી છે,
આ વૃક્ષોને પાણી દઈ દઉં, પેલા પંખીને ચણ બાકી છે.
ગીતો મસ્તીનાં ખૂબ ગાયાં, થોડી પ્રાર્થનાઓ હાજી બાકી છે,
મારાં સૌને મેં ખૂબ ચાહ્યા, જગને ચાહવાનું બાકી છે.
બસ બહુ જાણ્યાં જીવે સહુને, ખુદને ઓળખવું હજુ બાકી છે,
કહે છે ખાલી હાથે જવાનું છે, બસ ખાલી થવાનું બાકી છે. ચાર
ધામની યાત્રા ડોશીને કરવી પણ મંદિરના ઓટલે બેઠા સંતોક
બેન મિનિટ આંખ બંધ કરી, વાંદરા એ એક થપાટ મારી એક
ઠેકડે ઝાડ પર ચડી ગયો ને ચિચીયારો કરે. ફારસ જોઇ ભૂલકાં હસી પડયા. પ્રસાદ માટે વાંદરાની હિંમત વધી ગઇ હતી. ગભરાઇ ગયેલાં સંતોકબેન લાલ ગાલ ઢાંકતા માથે ઓઢી ઉતાવળાં ઘર તરફ ચાલ્યા. ત્યાં સામેથી અમુકાકા આવતાં જોયાં. સ્કૂટર પર બેસવા કીધું ને પૂછ્યું શું થયું? વાંદરાએ થપાટ મારી કહેતા સંતોકબેન સ્કૂટર પર બેસવા જતા હતાં ને અમુકાકાએ સ્કૂટર હાંકી માર્યું ને ચાલ્યા ગયા. પાછા
વાતો કરવા લાગ્યા કે આજે તો મારે પણ જોવાજેવી થઇ હોં.
નાનકડી કેરી નો ગોટલો ગળી ગયો ભારે મીઠી કેરી નીકળી.
ગોટલી જેટલી કેરી આવતી, બધો આંખે દેખ્યો અહેવાલ છે.
ભૂલકાં ખડખડાટ હસ્યા. ત્યારથી પેલા ગોટલો ગળી ગયેલાને
તે કાકા આવ્યા એમ વાતો કરાતી ને વાંદરો લાફો મારી ગયો
હતો તે સંતોકબેન મળેલા એમ ચર્ચા થતી. આજ રીતે નાનું મોપેડ બાજુના પડોશી ને ત્યાં આવ્યું ને ત્રણની સવારી માં મોપેડ આગળથી ઉંચું થઇ ગયું. ચોતરફથી મદદ કરવા લોકો
દોડ્યા માંડમાંડ ઝલાયા હસવું રોકી કોઇ બોલ્યું આવું તો થાય
અમે ભૂલકાં હસ્યા વગર થોડા રહીયે? બીજાની વાત અલગ પણ આપણે પડયા તો... કોઇ જોઇ તો નથી ગયું ને .. ચારેકોર
જોઇ લઇએ...કદાચ હસી પણ લઇએ ખરુંને...!
રેખા શુક્લ

---

NOG SS NO : 0026
વિભાગ - ગદ્ય
પ્રકાર - રમૂજી / યાદગાર સત્ય ઘટના.
શીર્ષક - છૂટું.

મારા લગ્ન પછી પહેલી વખત મારા ઘરે મારા સસરાજી પધાર્યા. ૨૦ વર્ષની ઉંમર, સાડી પહેરીને, માથે ઓઢવું આ બધાં ગભરાટમાં કોણ? શું બોલે તે સમજાતું ન હતું. બસ, એકજ ચિંતા કે બાપુજીના મનમાં મારા માટે ખોટી સમજ ન રહી જાય. એમનાં જવાનાં દિવસે એ જમીને ઉભા થતાં બોલ્યાં, " અત્યારે ખૂબ જમી લેવાયું છે,તો સાંજે ફક્ત" છૂટું " જ બનાવજો."
આપણે તો "છૂટું" એટલે સમજ્યા કે એમનાં ભાણાંમાં શાક, ચટની, કચુંબર આ પાસે - પાસે મૂકાય ગયું'તું, તેથી છૂટું પીરસવા માટે કહે છે. તો સાંજે તો આ બંદાએ શાક, ભાખરી, ભાત બધું જ નાની - નાની થાળીમાં, અલગ - અલગ રીતે પીરસ્યું. મનમાં મલકાતા મલકાતા સસરાજીએ જમવાનું તો પતાવ્યું, પણ દિયરજી બોલી ઉઠ્યાં, " ભાભી, છૂટું ન બનાવ્યું?"
આપણે પણ હોંશિયારીથી
સામે જ કહ્યું, " હા, બનાવ્યું ને! અને છૂટું જ પીરસ્યું." સસરાજી ખડખડાટ હસી પડ્યાં . અને દિયરજી ઉવાચ, " ભાભી, ન ખબર હતી, તો મને પૂછવું ' તું, કે કઢી, ભાત, છૂટી પીળી મોગર દાળ એ છૂટું કહેવાય. અને એ બધું ભેગું થાય ત્યારે ખીચડી કહેવાય. "
અરે, બાપરે! મને તો કાપો તોય લોહી ન નીકળે એવી થઈ ગઈ. અને બોલી" મને તો ખબર જ ન પડી, મેં પહેલીવાર જ આ" છૂટું " શબ્દ સાંભળ્યો. નહી તો હું એ જ બનાવત, "
સસરાજી ત્યારે હસીને બોલ્યા," કાંઈ વાંધો નૈ! બીજી વખત બરાબર બનાવજો. શાક, ભાખરી પણ સરસ જ હતાં." અને મારું નાનકડું ઘર બધાંના જ હાસ્યથી ભરાઈ ગયું. હવે જ્યારે જ્યારે હું ખીચડી કે કહેવાતું છૂટું ખાઉં છું, ત્યારે મને એ પ્રસંગ અચૂકપણે યાદ આવી જાય છે. કારણકે અમારી સૂરત તરફની બોલીમાં તો કઢી-ભાત, છૂટીદાળ એમજ બોલાય છે. પણ હવે ખબર પડી કે એનું બીજું નામ" છૂટું " પણ છે!
અંજના ગાંધી "મૌનુ",વડોદરા

NOG SS NO : 004
વિષય:આપણાં જીવનનો રમૂજી પ્રસંગ
પ્રકાર:ગદ્ય(પ્રસંગ)
શીર્ષક:ઓહ તમે

જીવનનું પચ્ચીસમું વર્ષ ચાલતું હતું. ધગશ હતી કે એમ.એ પૂરું કરવું. એક સવારે મમ્મી ઉપર આવ્યાં કહે એકદમ નીચે નહિ આવી જતી! અરે કેમ? "મુંબઈથી મહેમાન આવ્યા છે." મહેમાન પર મગજ ગયું.. ભાઈને ભણાવા ખાસ અમદાવાદથી અપડાઉન ભરૂચનું કરતી. કાલે પાછા જવાનું ! ચાલો સેવામાં, પ્રૌઢ હતાં બન્ને, એટલે મમ્મી ને પપ્પા વાતોએ વળગ્યાને મે રસોઈ બનાવી. પછી એમને લઈ વાડીએ મોટાફોઈને મળવા લઈ ગઈ. ઘરે આવી જમાડ્યાં ને પાછી સ્ટેશન મૂકવા ગઈ. ત્યારે કાકા બોલ્યા," બેટા, તું તો ભરૂચમાં ઉછરી હોય તેવું નથી લાગતું! હું અંદરથી તો લાલપીળી થઈ ગઈ, મનમાં મે કહ્યું," બુઢઉ રાજકપુર બોબી પિક્ચર ઉતારે, તમે મુંબઈથી આવો ને આવા વિચાર! કારણ તે વખતની દાદીશાને ડિમ્પલ કાપડિયાનો વહેમ હતો... ટ્રેન આવવાનો સમય થયો એટલે એક વિઝિટિંગ કાર્ડ આપી કહે," આ મારા દીકરાની મેડિકલની દુકાનનું કાર્ડ છે ને નંબર પણ..! પાછું મને બંડ પોકાર્યુ ઓહ! તો દીકરા માટે છોકરી જોવા નીકળ્યા છે.કાંઈ ન બોલી કાર્ડ મૂક્યું પર્સમાં ને બાય બાય ટાટા કરી ઘર તરફ.. ત્યારે તો ભરૂચમાં ઘોડાગાડીઓ ચાલતી.. ને એમાં બેસી ભાગી..કાર્ડ વિસરાય ગયું.
અમદાવાદ ગઈ પંદર દિવસ પછી વડોદરા મ્યૂઝિયમમાં કામે આવે ત્રણ દિવસ માટે,મેચનો ગાંડો શોખ તે નાનો પોકેટ રેડિયો રાખતી.. ને વિવિધ ભારતીને , બિનાકા ગીત માલા.. માટે તોં શરત લાગતી ક્યું ગીત આ વખતે પહેલું રહેશે! પણ અફસોસ તે દિવસે સેલ પૂરા થઈ ગયાં હતાં.પર્સ ખંખોળતા આશ્ચર્યમ્ પેલું કાકાએ આપેલું કાર્ડ હાથમાં આવ્યું! થયું ચાલ કાલ સવારે મુલાકાત લઈ આવું કહીશ નહિ કે હું ભરૂચવાળું મોડેલ છું!??સવારે ઉઠી ને પહોંચી દિનબંધુ મેડિકલ સ્ટોર મારી માસીઆઈ બહેન પણ હતી. સેલ લીધાં, ચોકલેટ લીધી, સેલ ત્યાં જ નખાવ્યા ને પછી મારી બેન કોઈ એના ક્લાસમેટ સાથે વાત કરતી હતી ત્યારે બિલકુલ અજાણ્યા બની પૂછ્યું," મિલન પટેલ તમે?"
તો કહે ,"ના !તમને જે સેલ નાંખી આપ્યા એ મારા કાકા મિલન પટેલ!" કંઈ પણ બોલ્યા વગર ઘરે જઈ મોટી બેનને કહ્યું," પેલા ભાઈ સારા છે, તું ફોન કર મને માસીને ત્યાં મળે." બહેને મિટિંગ નક્કી કરી અને..જેવા સમય પર
મળવા આવ્યા તો, શબ્દો સરી પડ્યા,"ઓહ તમે!" ખાલી એક સ્માઈલ આપી કહ્યું,"હા, હું!"
વિચારો શું હાલત થઈ હશે એ પટેલના દીકરાની? મનમાં તો એટલું હસવું આવે પણ.. હાસ્ય તો ગળામાં જ અટકી ગયું હતું! દાદીશા બહુ મસ્તીખોર હતાં ત્યારે.
થોડીવાર રહી કહે," મારે તો કાંઈ પૂછવું નથી, હું મારા પિતાજીને જવાબ આપી દઈશ." આ બંદાએ પણ કહ્યું હું પણ.. પપ્પા ને કહી દઈશ."
જેવા ગયા કે હું ને મારી બેન તો હસી હસીને લોટપોટ એના મોઢાના ભાવ ને, "ઓહ તમે!"
બીજે દિવસે ક્વીનમાં અમદાવાદ જવાનું, રેલ્વેમાં ત્યારે વિદ્યાર્થી કનશેસન પાસ મળતી,મારી પાસે તો પાસ એટલે ટિકિટ તો લેવાની નહિ પણ પાસ રીન્યુ કરાવાનો હતો તે કરાવા ઊભી હતી ત્યાં પાછળથી મારા હાથની વચ્ચે હાથ નાંખી બે ફર્સ્ટ કલાસ અમદાવાદ.. ને અવાજ સાંભળી ચમકી ગઈ હવે વારી મારી હતી,"ઓહ તમે!"
તે પછી ગાડી રૂકી જ નહિ દોડતી જ રહી જિંદગીભર.
આજે પણ મિલનનો એ ચહેરો જીવવાની હિંમત આપે છે.
(મારી ડાયરીનું એક પાનું)
જયશ્રી પટેલ

---

NOG SS No : 0022
વિષય : રમૂજી ઘટના
વિભાગ : ગદ્ય
પ્રકાર : લેખ
શીર્ષક : અનોખી સ્પર્ધા
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

"આ કઈ રીતે શક્ય છે. તે મારાથી આગળ પહોંચી જ કઈ રીતે શકે?" હું મનોમન બબડ્યો.
આજે દસમી વાર તે મારી સામે જીતી ગઈ હતી. વાત જાણે એમ બની કે મારી ઓફિસમાં એક છોકરી નવી જ જોડાઈ. અમે બંને એક જ ટ્રેનથી સવારે આવીયે અને રેલ્વે સ્ટેશનેથી ત્રણસો મીટર દૂર ઓફિસ તરફ જઈએ.
તે જોડાઈ તેના બીજે દિવસે હું સવારે ઓફિસ નજીક પહોંચ્યો, ત્યારે તે મારી આગળ ધીમી ચાલે ચાલી રહી હતી. ઓફિસમાં પ્રવેશ્યા પછી તેણે સ્મિત આપીને ગુડ મોર્નિંગ કહ્યું. હું વિચારમાં પડી ગયો કે ટૂંકો રસ્તો અપનાવ્યો હોય તો પણ તેની આટલી ધીમી ઝડપે મારાથી આગળ કેવી રીતે પહોંચી ગઈ!
બીજે દિવસે મેં મારી ઝડપ વધારી પણ ઓફિસમાં પહોંચીને જોયું, તે મારાથી પહેલાં જ પહોંચેલી હતી. હું બીજે દિવસે પણ તેનાથી હારી ગયો હતો. આ ઘટનાનું પુનરાવર્તન થવા લાગ્યું અને મારા મનમાં એક તરફી પ્રતિસ્પર્ધા નિર્માણ થવા લાગી.
હું જુદા જુદા કયાસ કાઢવા લાગ્યો. તેના પગ મારા કરતાં લાંબા છે એટલે તેનું ડગલું મોટું હશે એટલે એક ડગલામાં મારાથી દોઢ ગણું અંતર કાપતી હોવી જોઈએ. વચ્ચે કદાચ થોડી ઝડપથી ચાલતી હશે અને ઓફિસ આવતાં જ ચાલ ધીમી કરતી હશે. વારંવાર થતી હારથી મારી અંદરનો પુરુષ વધુ છેડાઈ ગયો હતો. અંતે નક્કી કર્યું કે આજે તો તેને હરાવી દઈશ, એટલે થોડા ટૂંકા રસ્તે હું લગભગ દોડતાં જ ઓફિસમાં વિજયી ભાવે પ્રવેશ્યો. પણ મારું સ્મિત તરત વિલાઈ ગયું કારણ તે પહેલેથી જ હાજર હતી. તે જલદી કેવી રીતે પહોંચે છે તે રહસ્ય જાણવા હું ઉતાવળો બન્યો. બીજે દિવસે તેનાથી થોડો જ પાછળ ચાલવા લાગ્યો. જ્યારે રહસ્ય ખુલ્યું ત્યારે મેં મારા માથે હાથ મારી દીધો. થોડા આગળ સુધી પહોંચે એટલે તેનો કોઈ મિત્ર બાઈક ઉપર લિફ્ટ આપતો અને ઓફિસના વળાંક ઉપર ઉતારતો તેથી કોઈ દિવસ હું તેને જોઈ શક્યો નહોતો.
અંતે મેં મારા મનમાં જન્મેલી પ્રતિસ્પર્ધાની ભાવના દૂર કરી અને હસીને પ્રતિસ્પર્ધા વિશે તે છોકરીને કહ્યું. તે પણ હસી પડી.
(શીખ - ધ્યાન રાખવું વણજોઈતી સ્પર્ધામાં પોતાનું દિમાગ અને ઉર્જા ન ખપાવવાં)

# હે પ્રભુ ! ...જરા ધીમે ...

હે....પરમપિતા પરમેશ્વર !
હે પ્રભુ ! ......
જરા ધીમે ...
તમારા પવિત્ર હાથોની
માટીથી બનેલાં તમારાજ
આ રમકડાં ક્યાંક
તુટી ન જાય !!
થોડીક મહેરબાની અને
દયા કરજો !!
અમે જાણીએ છીએ કે
વર્તમાન પરિસ્થતિ માટે
અમે જ જવાબદાર
છીયે...
અમે અમારી જાત ને સર્વશક્તિમાન હોવાનું નિરર્થક ઘમંડ કરી બેઠા.
દરેક પવિત્ર
ધર્મ સ્થાન ઉપર
અમે રાજકારણ રમીયે છીયે..........
હક્ક નું છોડી બીજાની થાળી નું પણ છીનવી
લેવાની નીચ હરકતો કરતા
પણ અમે શરમ કે સંકોચ નો
અનુભવ કર્યો નથી.......
લાગણી ના સંબધો હોય ત્યાં પણ સ્વાર્થ માટે કાંચીડા ની જેમ
કલર બદલતા
અમે વાર લગાડી....નથી
પણ આ પ્રકાર ની
વિકૃત રમતો રમતા રમતા
હું એ તો ભૂલી ગયો...
હતો કે તમે અંતર્યામી અને
કણ કણ માં વસેલા છો.
તમારા થી મોટા ચાલ બાજ આ સંસાર માં બીજું કોણ છે?
કોની બાજી ક્યારે
ઊંધી વાળવી અને
કોની ચતી કરવી એ
તમારા થી વધારે
કોણ જાણતું હોય ?
ખિસ્સામાં રૂપિયા થી ભરેલ પાકીટ હોવા છતાં
ખિસ્સામાંથી
ગોતી ને ભંડારામાં
રૂપિયા નો સિક્કો મુક્તા
અને
અંદર થી દાનવીર કર્ણ
જેવો અનુભવ
અમે કરતા...
આવી ભાવના ને કારણે જ આજે અમે લાખો રૂપિયા ના હોસ્પિટલોના બિલો ચૂકવી રહ્યાં છીયે
જાણતા કે અજાણતા
હે ..પ્રભુ અમે
તમારી મજાક કરવા નું
પાપ પણ કર્યું હોય તો
બે હાથ અને ત્રીજું મસ્તક
તમારા ચરણ માં ઝુકાવી
માફી માંગીએ છીયે..
હવે વધારે કપડાં અમારા ખેંચી અમારા જન્મ વખત ની અવસ્થા માં મૂકી ન દેતા....
મંદિરો ના દરવાજા
બંધ કરી તમે સીધી જ રીતે
અમારી સામે અણગમો
વ્યક્ત કરી દીધો છે...
આપ આપવા બેસો ત્યારે છપ્પર ફાડીને આપો છો ..
અને લેવા બેસો ત્યારે છાતી ઉપર પગ રાખી...
હિસાબ માંગો છો ..
હે પ્રભુ અમને બાળક સમજી આ વખતે માફ કરી દેશો..
અમે તમને સમજવા માં ભૂલ કરી બેઠા છીયે....
હે પ્રભુ !
બધા ને સહ-પરિવાર સ્વસ્થ અને સુખી રાખજો..
હોસ્પિટલો ને
ખાલી કરી નાખ
દરેક સ્વજનો ની
આંખો ના આંસુ
લૂછી ફરીથી અમારું
જીવન આનંદ
કિલ્લોલ કરતું કરી દે.....
લી.
સદાય આપના તરફ મીટ માંડી રાખતા,
તારા ભૂલકાઓ..........




જાણીતા રાજકીય/રક્ષા વિશ્લેષક શ્રી હિરેન કોટક આજે સાંજે ૫ વાગે ભાજપાના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ સાહેબ ના હસ્તે ખેસ ધારણ કરી શ્રી કમલમ ખાતે ભાજપમાં જોડાયા.આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ ,મીડિયા કવીનર ડો યજ્ઞેશ દવે, મીડિયા ટીમ ના કિશનસિંહ,પ્રેરક શાહ, ડો શ્રદ્ધા રાજપૂત જોડાયા હતા.

# શાકભાજીના ખેડૂતોનો માલ ન બગડે તે માટે ત્રણ કલાક છૂટ આપવી જોઈએ:કોર્પોરેટર મનોજ પટેલ

પાટણ શહેર સહિત સમગ્ર જિલ્લામાં મંગળવારથી સોમવાર સુધી નું અઠવાડિયા નું લોકડાઉન જાહેર કરાયુ હોવાની કલેક્ટરની જાહેરાતની જાણકારી પાટણ નગરપાલિકા ખાતે યોજાયેલી પાટણ શહેરના વેપારી એસોસિએશન તથા ચૂંટાયેલા પદાધિકારીઓની બેઠકમાં પાટણના પ્રાંત અધિકારી એ આપી હતી આ બેઠકમાં પાટણ નગરપાલિકાના પ્રમુખ સ્મિતા બેન પટેલ, અરવિંદભાઈ પટેલ , હરેશભાઈ મોદી ,કોર્પોરેટર એમ.જે પટેલ દેવચંદભાઈ પટેલ, ચીફ ઓફિસર , પાટણ જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ , કરિયાણા બજાર એસોસિયેશનના પ્રમુખ ,વેપારી મંડળના પ્રમુખ સુરેશભાઈ પટેલ અને વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ બેઠકમાં પ્રાંત અધિકારીએ પાટણ શહેરમાં સંક્રમણ વધતા વેપારીઓ ની સંમતિથી કલેકટર અને પાટણના વહીવટીતંત્રે આ નિર્ણય લીધો છે . વેપારી મંડળના પ્રમુખ સુરેશભાઈ સી પટેલે જણાવ્યું કે અમે પાટણના કલેક્ટર સાથે બેઠક યોજી હતી જેમાં ડીડીઓ, ડીએસપી, પાટણના ધારાસભ્ય ડો.કિરીટ પટેલ , સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોર ,પાટણ જીલ્લા ભાજપના પ્રમુખ દશરથજી ઠાકોર , કોંગ્રેસના જિલ્લા પ્રમુખ જેવા અગ્રણીઓની હાજરીમાં વર્તમાન સ્થિતિ અંગે લાગણીઓ રજુ કરીને સંક્રમણ રોકવા જણાવ્યું હતું સાથે સાથે વેપારીઓને નુકશાન ન થાય તે અંગે પણ રજુઆત કરી હતી એસટી અને રિક્ષાઓ બંધ રાખવાની પણ રજુઆત કરી હતી પાટણના ૬૦૦ વેપારીઓએ રસી લીધી છે અમે વેપારીઓ સુપર સ્પ્રેડરની વ્યાખ્યામાં આવતા નથી ગામડા વાળાઓનો કોરોના ટેસ્ટ થતા તેમાં ઘણા સંક્રમિત નીકળ્યા છે જે શહેરના લોકોને તેનો ચેપ આપી જાય છે જેથી બંધ જરૂરી જણાય છે આ પ્રસંગે પાટણ શાકભાજી માર્કેટ યાર્ડના પ્રમુખ અને સુધરાઈ સભ્ય મનોજ કે પટેલે રજુઆત કરી કે પાટણ પંથકમાં શાકભાજીના ખેડુતો એ તેમનો પાક તૈયાર કરી લીધો છે. જો તેઓને તેમનો માલ માર્કેટમાં લાવવાની છુટ ન અપાય તો તેમનો માલ બગડી જવાની શકયતા છે જેથી તેઓને સવારે ત્રણેક કલાક ની છુટ માર્કેટમાં આવવાની આપવી જોઈએ

નર્મદા જિલ્લામાં ગરમીનો પારો કોરોના વધતા કોરોના નો ગ્રાફ પણ વધ્યો

# નર્મદામા આજે એકજ દિવસમા સૌથી વધારે રેકોર્ડબ્રેક ૪૨કેસથી ફફડાટ

રાજપીપલા,તા૧૮

નર્મદા જિલ્લામાં ગરમીનો પારો કોરોના વધતા કોરોનાનો ગ્રાફ પણ વધવા મંડ્યો છે.નર્મદામા આજે એકજ દિવસમા સૌથી વધારે રેકોર્ડબ્રેક ૪૨કેસથીલોકો મા ફફડાટ ફેલાયો છે

જેમાં નાંદોદ તાલુકામાં ૦૬ કેસ, ગરુડેશ્વર તાલુકા મા ૦૫કેસ, તિલકવાડા તાલુકામાં ૦૩,અને દેડિયાપાડા તાલુકા મા ૦૯અને સાગબારા તાલુકામાં ૧૩તથા રાજપીપલાના કેસ મળી કૂલ ૪૨કેસ નોંધાયા છે, ખાસ કરીને સાગબારાઅને ડેડીયાપાડા તાલુકા તરફ કોરોનાએ મુખ ફેરવ્યું જ્યાં પ્રતિદિન કેસો વધતા બન્ને તાલુકા મા લોકડાઉન કરવાની ફરજ પડી છે.

કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૩૫ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૦૭ સહિત કુલ-૪૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ, જિલ્લામાં આજદિન સુધી RTPCR ટેસ્ટમાં૧૩૮૮ એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૨૧૬ અને ટ્રૂ નેટ (True nat) ટેસ્ટમાં ૬૭ દરદીઓ સહિત જિલ્લામા પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૨૬૭૦ નોંધાવા પામી છે.

રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૩૮ દરદીઓને આજે રજા અપાતા, જિલ્લામાં આજદિન સુધી કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૧૫૭૩ દરદીઓ, કોવીડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૯૧૬ દરદીઓ સહિત કુલ-૨૪૮૯ દરદીઓને રજા આપવામાં આવી છે. આમ, હોમ આઈસોલેશનમા ૪૮ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૭૮ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૩૭ અને વડોદરા ખાતે ૧૫ દરદીઓ સહિત કુલ-૧૭૮ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૫૯૬ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૦૨૪સહિત કુલ-૧૬૨૦ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે. પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૪૫૬૨૩ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૩૨ દરદીઓ, તાવના ૨૮ દરદીઓ, ઝાડાના ૨૭ દરદીઓ સહિત કુલ-૮૭જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૧૭૮૪ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૪૬૩૯૭ લોકોને વિતરણ કરાઇ છે.

રિપોટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

# મોડાસામાં રેપિડ ટેસ્ટના ડોમ તૈયાર નહીં થતાં PHC પર રેપિડ ટેસ્ટની કામગીરી કરતાં કર્મચારીઓનું ભારણ વધ્યું



અરવલ્લી બ્યુરો મઠવાસ

કૉરોનાની બીજી લહેર ખૂબ જ આકરી પરિસ્થિતિમાં જોવા મળતા સરકાર પણ આ માટે તમામ પ્રયાસો કરી રહી છે, આ વચ્ચે કેન્દ્ર સરકારે ટેસ્ટિંગ પર ભાર આપવા તંત્રને આદેશ કર્યા છે, પણ વાસ્તવિક પરિસ્થિતિ ખૂબ જ વિકટ બની હોય તેવું લાગી રહ્યું છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ પણ હવે કૉરોનામાં સપડાયું હોય અને બેઠું ન થતું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કેન્દ્ર સરકારે કૉરોનાના વાયરસને અટકાવવા ટેસ્ટિંગ કરવા પર ખૂબ જ ભારપૂર્વક જણાવ્યું છે, જો કે આ વચ્ચે મોડાસા અર્બન હેલ્થ સેન્ટર પર એક થી બે ટીમ પર ટેસ્ટિંગનું કામ થોપી દેવાયું હોય તેવું સ્પષ્ટ જોવા મળે છે. અરવલ્લી જિલ્લામાં કૉરોનાના કહેર વચ્ચે પ્રતિદિન અઢીસો થી વધારે કેન્દ્રો ખાતે વેક્સિનેશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, તો રેપિડ ટેસ્ટ માટે ડૉમ કેમ તૈયાર કરવામાં આવતા નથી તે પણ સણસણતો સવાલ ઊઠી રહ્યો છે.

મોડાસા શહેરમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રતિદિન અઢીસો થી ત્રણસો લોકો રેપિડ ટેસ્ટ કરાવવા માટે ધસારો જોવા મળતો હોય છે, આ વચ્ચે ટેસ્ટ કિટ પણ ખૂટી પડવાની સમસ્યાઓ સામે આવે છે, પણ માત્ર એક જ જગ્યા પર ટેસ્ટિંગ કેમ કરાય છે. મોડાસા શહેરમાં ટેસ્ટિંગ માટે ડૉમ તૈયાર કેમ કરવામાં આવતા નથી? ડૉમ તૈયાર કરવા માટે એટલો મોટો ખર્ચ પણ થતો નથી પણ આરોગ્ય વિભાગને જાણે કંઇ સૂઝતું ન હોય તેવું લાગી રહ્યું છે, અને માત્ર ટેસ્ટિંગની કામગીરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ચલાવી સંતોષ માણી રહી છે. પણ પ્રજાનું શું તેની ચિંતા આરોગ્ય વિભાગને નથી.

મોડાસા તાલુકાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રેપિડ ટેસ્ટ કરવામાં આવતા હોય છે, પણ કિટ ખૂટી પડવાને કારણે લોકો નાસીપાસ થતા હોય છે, અને મોડાસા આવે ત્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરીને ત્યાં રેપિડ ટેસ્ટ કરવા પહોંચી જાય છે, એટલું જ નહીં રાજસ્થાનથી મોડાસા સારવાર કરાવવા આવતા દર્દીઓ પણ હવે મોડાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રેપિડ ટેસ્ટ કરાવવા આવી જાય છે, જેને કારણે આરોગ્ય વિભાગના કોરોના વોરિયર્સ જાણે ભાર સહન કરવા રાખ્યા હોય તેવી કફોડી હાલત બની જાય છે. આવું કામ કરાવીને કોરોના વોરિયર્સ પર ભારણ કેમ આપવામાં આવે છે, કેમ શહેરના વિવિધ વિસ્તારોમાં રેપિડ ટેસ્ટ ડોમ શરૂ કરવામાં નથી આવતા, તે સવાલ છે.

પ્રધાનમંત્રીએ ટેસ્ટિંગ કરવા પર ખૂબ જ ભાર આપ્યો છે, આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ સારી કામગીરી કરી રહી છે, પણ એકાદ ટેસ્ટિંગ કેન્દ્રથી કૉરોના વોરિયર્સની હાલત અરવલ્લી આરોગ્ય વિભાગે કફોળી બનાવી દીધી હોય તેવું લાગી રહ્યું છે. સરકારના આદેશનું પણ અહીં પાલન ન થતું હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. મોડાસા શહેરના વિવિધ વિસ્તારોમાં રેપિડ ટેસ્ટ માટે તાત્કાલિક ડૉમ તૈયાર કરવા જોઈએ જેથી મોડાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જમાવડો ન થાય અને આરોગ્ય કર્મીઓ ભારણવિના રેપિડ ટેસ્ટની કામગીરી કરી શકે.

કૉરોનાના આવા કપરા સમયમાં અરવલ્લી આરોગ્ય વિભાગ કઠોર મન બનાવીને રેપિડ ટેસ્ટની કામગીરી પર કંઇ વિચારતી નથી, જેથી નાના કર્મચારીઓનો મરો થાય છે, અને ઉચ્ચ અધિકારીઓ આંકડા ઉપર મોકલી આપે છે, જરા વિચારો એક કે બે ટીમ દ્વારા આવા કામ લેવાથી તેમની હાલત શું થતી હશે ? જરાં ઠંડા મગજથી વિચારીને મોડાસા શહેરના વિવિધ વિસ્તારોમાં રેપિડ ટેસ્ટ ડોમ તૈયાર કરો તો મોડાસા અર્બન હેલ્થ સેન્ટરમાં ભીડ પણ ઓછી થાય અને ભારણ પણ..

ઉચ્ચ અધિકારીઓએ રેપિડ ટેસ્ટ સેન્ટરની મુલાકાત કરી કે નહી ?

અરવલ્લી જિલ્લાના ઉચ્ચ અધિકારી હાલ વેક્સિનેશન સેન્ટરની મુલાકાત લઈ રહ્યા છે, અને ન જાણે વાતો પણ શું કરતા હશે, તેનું કોઇ નક્કર પરિણામ આવે છે કે, નહી તે પણ સમજાતું નથી, જો કોઇ પરિણામ આવતું હોય તો અરવલ્લી જિલ્લામાં આવી સમસ્યાઓનું કદાચ ક્યારેય ઉદભવતી. આ વચ્ચે જિલ્લાના વિવિધ રેપિડ ટેસ્ટ સેન્ટરની પણ મુલાકાત લેવી જોઇએ જેથી ખ્યાલ આવી શકે કે, લોકો કેવા પ્રકારની પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

વહીવટી તંત્રએ આરોગ્ય વિભાગની કામગીરીથી વાકેફ થવું હોય તો કંઇક આવું કરવું પડે !

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ કોઇ જગ્યાએ મુલાકાતે જાય તો ચારથી પાંચ ગાડીઓનો કાફલો હોય અને જે જગ્યાએ કલેક્ટર કે ડીડીઓ જવાના હોય ત્યાં પહેલેથી જ જાણ થઇ જાય, પછી શું, જે-તે સ્થળે કામ કરતા આરોગ્ય વિભાગના કર્મચારીઓ એલર્ટ થઇ જાય, પછી સાહેબ આવે અને બધુ સમજાવી દેવા, પછી સાહેબ કહે બધુ બરાબર છે ને,, એટલે આરોગ્ય વિભાગ કહે હા, સાહેબ બધુ બરાબર છે. અરે, સાહેબ, જો આરોગ્ય વિભાગની કામગીરી સાચે જ ચકાસવી હોય તો આપ તો જિલ્લાના સમાહર્તા છો, જિલ્લામાં શું અને ક્યાં કામગીરી થાય છે તે તો માહિતી હોય જ છે, માટે ઓચિંતા પહોંચી જાઓ ખ્યાલ આવી જશે કે, જમીની હકીકત શું છે. અરવલ્લી જિલ્લાના એકપણ અધિકારીઓ લાઇનમાં ઊભા રહ્યા નથી માટે પ્રજાની પરેશાની તેઓ નહીં સમજી શકે તે સ્વાભાવિક છે. સાહેબ જરાં એક મિનિટ તો લાઇનમાં ઊભી રહો, બધુ જ સમજાઇ જશે કે ખરેખર તકલીફ છે.

# માણાવદરની સ્વામિનારાયણ મંદિરની વાડી માં સ્વામીજી એ બે કિલોના બીટ સજીવખેતી દ્વારા વિકસાવ્યા



પ્રવર્તનમાન સમયમાં ભારતમાં આત્મનિર્ભરતા તરફ જઇ રહ્યું છે જેમાં ખેતરથી માંડીને અંતરીક્ષ સુધી આત્મ નિર્ભરતા કેળવવાની દિશા તય કરાઈ આપણે ખાધ અન્નનો ઉત્પાદન આંક વધારવામાં સફળ થયા છીએ પણ જીવસૃષ્ટિની તંદુરસ્તી સાચવવામાં નિષ્ફળ ગયા છીએ એ પણ હકીકત છે અત્યારે કૃષિમાં ખેડૂતનું ધ્યાન આવક અને ટકાઉઆપણામાં કેન્દ્રિત છે પરંતુ વર્તમાન સમયમાં કૃષિ સૌથી ઓછો આકર્ષક વ્યવસાય બન્યો છે એ ચિંતાનો વિષય છે

અત્યારે મહામારી ના દિવસોમાં રોગપ્રતિકારક શક્તિ વધારવાની અને સંતુલિત અને પોષણયુક્ત આહાર લેવાની જરૂરિયાત ઊભી થઈ છે ત્યારે આપણે સજીવ ખેતીને બદલે રાસાયણિક ખાતરો દ્વારા ઉત્પન્ન થયેલા ફળ, શાકભાજી, અનાજ વગેરે ખાઈને આપણી રોગપ્રતિકારક શક્તિને ઘટાડી રહયા છીએ આવા સમયે માણાવદર સ્વામિનારાયણ મંદિરના કોઠારી મોહન પ્રકાશ દાસજી સ્વામીએ મંદિરના ખેતરમાં સજીવ ખેતી શરૂ કરી છે કૃષિની આત્મનિર્ભરતા જમીનની ગુણવત્તામાં છે અને ખોરાકતા સારી ગુણવત્તાનો પાયો પણ જમીનની ગુણવત્તા માં છે એ સિદ્ધાંત અનુસાર મંદિરના સંતએ જમીન સુધારણા તરફ લક્ષ્ય કેન્દ્રિત કરી સજીવ ખેતી શરૂ કરતા પાકની ઉત્પાદન શક્તિ વધે છે

સ્વામીજીએ ગાયોને પોષણક્ષમ આહાર મળી શકે તે માટે બે વીઘામાં બીટનું ખાસ વાવેતર કુદરતી ખાતર દ્વારા કરતાં તેના ફળરૂપે ૫૦૦ ગ્રામ થી માંડીને બે કિલો વજન ધરાવતા મોટા મોટા બીટ ઉગી નીકળ્યા છે જેને જોવા લોકો ખેતરમાં ઉમટી પડ્યા હતા સ્વામીએ સજીવ ખેતી તરફ વળવા લોકોને હાકલ કરતા જણાવેલ છે કે ખેડુએ સાચા અર્થમાં આત્મનિર્ભર બનવું હોય તો તેમને સજીવ ખેતી તરફ વળવું પડશે રાસાયણિક ખાતરો દ્વારા ઉત્પન્ન થયેલો પાક માનવ શરીર અને પશુ શરીરને પણ હાનિ કરે છે બીટમાં રોગપ્રતિકારક શક્તિ વધારવાની શક્તિ છે જો બીટ નો ખોરાક પશુઓને આપવામાં આવે તો તેનામાં રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે અમે ગાયો વાછરડા માટે દર વર્ષે નું ઉત્પાદન વાવેતર દ્વારા કરીએ છીએ પરિણામે દૂધની માત્રા પણ વધી છે અને પશુઓ રોગથી પણ બચ્યા છે

રીપોર્ટર- જીજ્ઞેશ પટેલ માણાવદર


# લાયન્સ ક્લબ શાહીબાગ દ્વારા ન્યુ રાણીપ વિસ્તારમાં વેકસીનેસન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન




લાયન્સ ક્લબ શાહીબાગ દ્વારા આયોજિત કોરોના વેક્સિનેશન કેમ્પ તારીખ ૧૮ ૪ ૨૦૧૯ ને રવિવારના દિવસે ન્યુ રાણીપ વિસ્તારમાં આવેલ શ્રદ્ધા સ્કિલ ડેવલોપમેન્ટ સેન્ટર ખાતે આયોજન કરવામાં આવ્યું હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે અઠવાડિયા પહેલા આજુબાજુ આવેલી વિવિધ સોસાયટીઓ ના ચેરમેન સેક્રેટરી નો રૂબરૂ નેસ્ટ પબ્લિક સ્કૂલ ના સ્ટાફે સંપર્ક કરી પોતાની સોસાયટીમાંથી ૪૫થી વધુ ઉંમરના દરેક નાગરિક આ કેમ્પમાં જોડાય તે માટે ચેરમેન સેક્રેટરી ને વાત કરી હતી.

તેમજ તેમના whatsapp મોબાઈલ નંબર ઉપર આ કેમ્પ સંદર્ભે તૈયાર કરેલ ડિજિટલ લિફલેટ મોકલી તેમની સોસાયટીના ગ્રુપમાં મોકલવા જણાવ્યું હતું. પરંતુ આ પ્રયત્ન પછી માત્ર ૪૦ જેટલા નાગરિકો નું કન્ફર્મેશન મળ્યું એટલે કે રિસ્પોન્સ જોઈએ એવો ન મળ્યો પછી શાળાના શિક્ષક શ્રી અશોકભાઈ, શ્રી વિશાલ પટેલ ,શ્રી ધવલભાઈ, શ્રીમતી નેહા ચૌહાણ, શ્રીમતિ મહેશ્વરીબેન તેમજ ડી પી સ્કૂલ ના ટ્રસ્ટી શ્રી ચિરાગ શાહે આ તમામ સોસાયટીઓના દરેકે દરેક ના ઘરે જઈ ૪૫ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકો નો વ્યક્તિગત સંપર્ક કરી,વેકસીન માટે માર્ગદર્શન આપી રસી માટે રજીસ્ટ્રેસન મેળવ્યું હતું. અને આ પ્રયત્નથી રવિવારે સવારે ૧૦ થી સાંજના ૫ સુધી કુલ ૨૦૫ વ્યક્તિઓએ આ રસી કરણ નો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ન્યુ રાણીપ વિસ્તારના કોર્પોરેટર શ્રી દશરથભાઈ પટેલ, ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ બી૧ ના ગવર્નર શ્રી નરેન્દ્રભાઈ પટેલ,કેબિનેટ સભ્ય શ્રી વિનોદભાઈ પટેલ અને લાયન્સ ક્લબ શાહીબાગ તરફથી શ્રી રાજેન્દ્રભાઈ પેરિવાલ,આ સૌએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ લાયન્સ શાહીબાગ ના પ્રેસિડેન્ટ શ્રી સંજય પટેલે સૌનો આભાર માન્યો હતો.

# કાંકરેજના ઉણથી પાદર રોડ ઉપર જીપડાલા અને બાઈક વચ્ચે અકસ્માત...




કાંકરેજ તાલુકાના ઉણ થી પાદર ગામે જતાં રોડ ઉપર સવારના સાતેક વાગ્યા આસપાસ ઉણથી પાદર જતાં રોડ ઉપર પીકઅપ ડાલુ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઇક ચાલક નું મૃત્યુ નિપજતાં પોલિસ ફરીયાદ નોંધાઈ

પ્રાપ્ત વિગતો અનુસાર ઉણથી પાદર ગામે જતાં રોડ ઉપર આશરે સવારના સાત વાગ્યાના સુમારે ઉણથી શિરવાડા પોતાનુ બાઈક નં.જી.જે.૨૭-આર.૮૫૨૧લઈને મજુરી જવા નિકળ્યા ત્યારે ઉણથી પાદર રોડ ઉપર પીકઅપ ડાલા નંબર જી.જે.-૮એ.યુ.- ૨૮૬૪ ના ચાલકે પુરપાટ ઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી બાઈક ચાલક નવધણજી અમરતજી ઠાકોર ઉ.વ ૨૧,રહે. ઉણ,તા.કાંકરેજવાળાને અડફેટે લેતાં અકસ્માત થતાં નવધણજીને માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થતાં ૧૦૮ મારફતે સારવાર માટે થરા જે.વી.શાહ રેફરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.અને વધુ સારવાર માટે ધારપુર ખસેડાયા. જ્યાં સારવાર દરમ્યાન નવધણજીનુ મોત નિપજતાં લાશને પી.એમ. માટે થરા જે.વી.શાહ રેફરલ હોસ્પિટલ ખાતે લાવી હતી. પી.એમ બાદ મૃતકની લાશને તેના વાલીવારસોને સુપરત કરાઈ હતી. મૃતક ની વિધવા માતાએ કમાઉ અને જવાબદાર દીકરો ગુમાવતાં પરિવાર ઉપર આભ ફાટ્યું હતું ફરીયાદી મુનેશભાઈ અમરતજી ઠાકોર ઉ.વ.૧૯ રહે. ઉણ,તા.કાંકરેજવાળાની ફરીયાદના આધારે થરા પોલિસે ફરીયાદ નોધી જીપડાલા ચાલક વિરુધ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.. (રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# યાત્રાધામ અંબાજીમાં કોરોનાની ચેઇન તોડવા તંત્રની મથામણ: આવતીકાલ પાંચ વાગ્યાથી ત્રણ દિવસ સ્વૈચ્છિક લોકડાઉન

## કોરોના સંક્રમણ અટકાવવા અંબાજી ખાતે અધિક કલેકટરશ્રી એ.ડી.ચૌહાણના અધ્યક્ષસ્થાને વેપારીઓની બેઠક યોજાઇ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે ત્યારે પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમાં કોરોનાની ચેઈન તોડવા કલેકટરશ્રી આનંદ પટેલની સુચના અને માર્ગદર્શન પ્રમાણે વહીવટીતંત્ર દ્વારા મથામણ આદરવામાં આવી છે. કોરોના સંક્રમણને અટકાવવા અંબાજી મુકામે દાંતા પી. ઓ. કમ ટી. ડી. ઓ અને અધિક કલેકટરશ્રી એ. ડી. ચૌહાણના અધ્યસ્થાને દાંતા તાલુકાના અધિકારીઓ અને વેપારીઓ સાથે બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં હાલમાં અંબાજીમાં વધતાં જતાં કોરોનાની સાંકળ તોડવા આવતીકાલ તા. ૨૦ એપ્રિલ, મંગળવારના રોજ સાંજે-૫.૦૦ વાગ્યાથી ત્રણ દિવસ માટે સ્વૈચ્છિક લોકડાઉન રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે મંગળવારે સાંજનાં ૫.૦૦ વાગ્યા બાદ અંબાજીના વેપારીઓ પોતાના વેપાર- ધંધા બંધ કરી બુધવાર થી સતત ત્રણ દિવસ સ્વૈચ્છિક લોકાડાઉન રાખશે. આ ઉપરાંત લોકોમાં કોરોના અંગે જાગૃતિ આવે તે માટે મહેસૂલ, આરોગ્ય અને પોલીસ જવાનોની ફલેગ માર્ચ પણ યોજાઇ હતી. જેમાં કોરોના સંક્રમણ અટકાવવા સરકારી ગાઇડલાઇનનું પાલન કરવા લોકોને આહવાન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં દાંતા મામલતદારશ્રી, તાલુકા હેલ્થ ઓફિસર, પોલીસ ઇન્સ્પેક્ટર સહિત અંબાજીના વેપારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પાટણમાં કોરોના રોકવા ફરીવાર વેપારીઓ સામે તવાઈ આવશે મીટિંગમાં ચેતવણી

પાટણ શહેરમાં કોરોનાના કેસોમાં અચાનક ઉછાળો આવતા પાટણના વહીવટીતંત્ર મહામારીને કાબુમાં લેવા હરકતમાં આવી ગયું છે તાબડતોડ બેઠકોનો દોર શરૂ થયો છે .પાટણના કલેકટરની સુચના મુજબ પાટણ નગરપાલિકા ખાતે ઉપરાઉપરી બે વાર બેઠકો યોજાયેલ પાટણના વેપારીઓની મીટીંગ યોજાયેલ આ મીટીંગમાં પાટણના વેપારી એસોસિએશનના સભ્યો , પાટણ જિલ્લા નાયબ કલેકટર ભરત જોશી ,પ્રાંત અધિકારી ના સભ્યો , તાલુકા આરોગ્ય અધિકારી, ખેતી વાડી અધિકારી વગેરેની બેઠક યોજાઈ હતી પાટણ જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તેમજ કરિયાણા બજાર એસોસિયેશનના પ્રમુખ સુરેશભાઇ સી પટેલ તેમજ તમામ એસોસિયેશને સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપેલ સુરેશભાઈ પટેલે પ્રેસના માધ્યમથી તમામ વેપારીઓને જણાવયુ કે કોરોનાને કાબૂમાં લેવા માટે આપણે માસ્ક ફરજિયાત પહેરીએ, સેનેટાઈઝ કરીએ, સોશિયલ ડિસ્ટન્સ જાળવીએ, દુકાન પર કોઈપણ પ્રકારની ભીડ જમા ન થવા દઈએ , ગામડાના ગ્રાહકોને આ અંગે જાગૃત કરીએ અને તમામ વેપારીઓ અને દુકાનના સ્ટાફ સહિત ફરજિયાત કોરોનાની રસી લઈએ આ રીતે કોરોના મુક્ત પાટણ કરીએ .આ બેઠકમાં પાટણ જીલ્લા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સુરેશભાઈ પટેલ , મહાસુખભાઈ મોદી, કેતનભાઈ પટેલ, હિરજીભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહેલ.

## ગુજરાતની ગૌશાળા પાંજરાપોળોને

# કોરોના મહામારીને ધ્યાને લઈને સરકાર દ્વારા સ્પેશ્યલ પેકેજ જાહેર કરવાની માંગ કરતું એનીમલ હેલ્પલાઈન

જીવદયાપ્રેમી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને કોરોના વાયરસ સંક્રમણને કારણે સર્જાયેલી સ્થિતિમાં રાજયના મૂંગા—અબોલ પશુજીવોને ઘાસચારો પશુ આહાર મેળવવામાં મુશ્કેલી ન પડે તેવી સંવેદના સાથે રાજયની રજીસ્ટર્ડ ગૌશાળા, પાંજરાપોળોના આશરે ૪ લાખ જેટલા પશુઓ માટે રાજય સરકાર દ્વારા ‘સ્પેશ્યલ પેકેજ‘ જાહેર કરવામાં આવે તેવી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી, પ્રતીક સંઘાણી, ગૌરાંગ રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

ગત વર્ષે કોરોનાકાળમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સંવેદનશીલ સરકાર દ્વારા અવાર—નવાર રાજયની તમામ ગૌશાળા પાંજરાપોળો સબસીડી આપીને જીવદયાનું એક ઉતમ ઉદાહરણ પાડયું છે. જીવદયાના અનેકો કાર્યો વખતો વખત રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. કોરાના મહામારીએ અત્યારના સંજોગોમાં ભયંકર રૂપ ધારણ કર્યું છે ત્યારે પાંજરાપોળ ગૌશાળાઓનાં પશુધનનું ભરણપોષણ નાના મોટા મહાજન, વેપારી, ઉદ્યોગપતિઓ દ્વારા અપાતા દાન પરથી નિભાવ થતો હોય છે. એક તરફ સમગ્ર વિશ્વમાં મંદીનો માહોલ હતો જ અને ઓછામાં વધુ મહામારી જેવા રોગે ધંધા—રોજગારની કમર તોડી નાખી છે. ત્યારે પશુધનને નિભાવવા માટે રોજ મિનિમમ રૂા. ૧૦૦નો ખર્ચ થતો હોય છે અને પાંજરાપોળ ગૌશાળાઓમાં કામ કરતા પરીવારોને પગાર, અન્ય ખર્ચા, મોંઘાભાવે મળતા ખાણદાનથી સંસ્થાઓનાં પણ હાલ બેહાલ થયા છે.તેને ધ્યાનમાં રાખી સરકાર સહાનુભૂતિપૂર્વક વિચારીને ‘સ્પેશ્યલ પેકેજ‘ જાહેર થાય તો અબોલ જીવો માટે આશીર્વાદરૂપ સાબીત થશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.